શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

RNI NO. 6304 / 62



જુન અંક - ૬
વર્ષ : ૫૩ સળંગઅંક : ૪૩૧
માસિક કિંમત - ૧૦/- વાર્ષિક લવાજમ - ૧૦૦/-

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : ભાવના મલયકુમાર મિસ્ત્રી

## નવયુગ શુભેચ્છક
## ચતુર્થ પૂણ્યતીથીએ હાર્દિક શ્રંધ્ધાંજલિ



### સ્વ. જેકોરબેન વિઠલદાસ પંચોલી

જન્મ : ૨૪:૧૧:૧૯૨૦ સ્વર્ગવાસ : ૦૭:૦૬:૨૦૧૨

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શકિત,
પરિશ્રમ જેનું કર્તવ્ય, પરમાર્થ જેની ભકિત તથા
દિર્ઘદ્દષ્ટિ વાળું આયોજન અને સમજણ પૂર્વકની કરકસર હતી.
એવા અમારા પૂ. જેકોરબા ચંદન જેવું જીવન જીવીને શીતળતા
અમો સૌને આપી ગયા, ખુદ ઘસાયને સૌને કાજે સૌરભ બની
પ્રસરી ગયા, આપનો પરોપકારી વ્યવહાર કુશળ કુટુંબ ભાવનાના
અમો સૌને દર્શન કરાવી સુખ સાગરમાં વહેતા મુકી ગયા....
પરોપકાર આપનું રટણ હતું અને પરિશ્રમ આપનું કર્તવ્ય હતું
આવો સંસ્કારિક વારસો અમો સૌને આપી આપ દત્તશરણ થયા..
આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ મળે એજ
પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના સહ કોટી કોટી વંદન

### અર્પણકર્તા

| | |
|---|---|
| પનસભાઈ વિ. પંચોલી | સ્વ. રમીલાબેન પી. પંચોલી |
| ઠાકોરભાઈ વિ. પંચોલી | જયોતિષબેન ટી. પંચોલી |
| ચેતનભાઈ વિ. પંચોલી | જયોતિબેન સી. પંચોલી |
| ભુપેન્દ્રભાઈ વિ. પંચોલી | જયશ્રીબેન બી. પંચોલી |
| પ્રવિણભાઈ વિ. પંચોલી | મમતાબેન પી. પંચોલી |
| પુષ્પકાંત વિ. પંચોલી | ભાવનાબેન પી. પંચોલી |
| સ્વ. પરસોત્તમદાસ જે. પંચોલી | સ્વ. સુશીલાબેન પી. પંચોલી |
| રાજેશભાઈ ગોરધનભાઈ પંચોલી | હંસાબેન રાજેશભાઈ પંચોલી |
| પ્રવિણચંદ્ર છોટુભાઈ દેસાઈ | ભદ્રાબેન પ્રવિણચંદ્ર દેસાઈ |

તથા સમસ્ત પરિવાર

2012-2033

## નવયુગ શુભેચ્છક
## ચતુર્થ પૂણ્યતીથીએ હાર્દિક શ્રંધ્ધાંજલિ



### સ્વ. શ્રી મણીલાલ ભુલાભાઈ પંચોલી

જન્મ : ૧:૧:૧૯૨૭ ઉ.વ. : ૮૫ સ્વર્ગવાસ : ૦૯:૦૬:૨૦૧૨

' પડખે ઉભા રહી ટેકો દીધો સદા,
આજે સાદ તમારો સંભળાય નહીં.
સહવાસની સુવાસને કદીય વિસરાય નહીં,
કંડારી ગઈ એક નવી કેડી ખેલદીલી તમારી.
જીંદગી જીવવાની, સદા નત મસ્તકે નમન કરીએ,
આપની જીવન જીવવાની રાહને.
અમ અંતરે, હૈયે રહેશો આપ સદા.....' એજ અમારી

### અર્પણકર્તા

કિરણ મણીલાલ પંચોલી અ.સૌ. પ્રીતિ કિરણ પંચોલી
કૌશલરાજ કિરણ પંચોલી અ.સૌ. રીમા કૌશલરાજ પંચોલી
ચિ. ધ્યાના કૌશલરાજ પંચોલી
ચિ. હેતલ કિરણ પંચોલી શ્રી અક્ષર જયેશભાઈ ગાંધી

૨૦૨, રજે માળે, વિંગ-એ, ગણેશકૃપા બિલ્ડીંગ,
બ્રહ્માકુમારી સેન્ટર સામે, પ્લોટ ૬-ડી,
દત્તાત્રેય રોડ, સાંતાક્રુઝ(પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૫૪ AS.
ફોન : (૦૨૨) ૨૬૬૧ ૪૦૩૨
મોબાઈલ : ૦૯૩૨૨૨ ૬૩૫૨૮

2012-2033

# Congratulation....



**C.A. નિશાંત મયંકકુમાર મિસ્ત્રી**
**જન્મ તા. : ૦૨.૧૧.૧૯૮૦**

*We are proud of you and happy to see your bright future*
*Best wishes for success ahead.......*

## From

દાદા – ઠાકોરલાલ દલપતરામ મિસ્ત્રી
દાદી – સ્વ. કુસુમબેન ઠાકોરલાલ મિસ્ત્રી
નાના – પ્રમોદકુમાર ગોવિંદદાસ મિસ્ત્રી
નાની – ઉષાબેન પ્રમોદકુમાર મિસ્ત્રી
પિતા – મયંકકુમાર ઠાકોરલાલ મિસ્ત્રી
માતા – વંદનાબેન મયંકકુમાર મિસ્ત્રી
ભાઈ – ચિત્રાંગ મયંકકુમાર મિસ્ત્રી

એ–૩૦૧, વેદાંત, એમ.જી.રોડ, ગોરેગાંવ (વેસ્ટ) મુંબઈ
મો. ૯૮૨૧૩ ૭૪૬૨૦
Email : mistry1.nisant@gmail.com

# તેજસ્વી તારલાઓ જોગ

માર્ચ/એપ્રિલ/મે-૨૦૧૫ દરમ્યાન લેવાયેલ S.S.C., H.S.C., I.T.I., P.T.C., A.T.D.,ગ્રેજ્યુએશન, ડિપ્લોમાં વિગેરે અંતિમવર્ષની પરીક્ષાઓના પરીણામો આવવાની શરૂઆત થઇ ગઇ છે. સફળ થયેલ સૌ વિદ્યાર્થી -વિદ્યાર્થીનીઓને હાર્દિક શુભેચ્છાઓ સહ અભિનંદન....

S.S.C. અને H.S.C. મા
**માર્કસીટ પાછળ પર્સન્ટાઈલના ટકા કરી લખી મોકલવા વિનંતી...**

❖ S.S.C. માં **૬૦** % કે તેથી વધુ ગુણ....

❖ H.S.C. માં **૭૦** % કે તેથી વધુ ગુણ મેળવનાર....

❖ I.T.I., P.T.C., A.T.D., તથા ડીપ્લોમા વિગેરે અંતિમ વર્ષની પરીક્ષામાં અને ગ્રેજયુએશન, પોષ્ટ ગ્રેજયુશનમાં કોઈપણ વર્ગમાં પાસ થયેલ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓના ફોટોગ્રાફસ નવયુગમાં વિનામુલ્યે છાપવામાં આવે છે. તો ઉપરની શરત મર્યાદામાં આવતા સૌ સફળ વિદ્યાર્થી -વિદ્યાર્થીનીઓએ પોતાના પ્રમાણિત માર્કસીટની ઝેરોક્ષ ની પાછળ તથા પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફસની પાછળ પોતાનું પુરેપુરું સરનામું, મોબાઈલ નંબર, ધોરણ અને ટકા ની સંપૂર્ણ વિગતો લખીને તંત્રીશ્રીને મોકલવી ફરજીયાત છે. અપુરતી માહિતીવાળી તથા સમય મર્યાદા પછી આવેલ વિગતો ધ્યાનમાં લેવામાં આવશે નહી. જો આપ ફોટો મોકલવામાં મોડા પડયા હોય અથવા સમય મર્યાદા ચુકી ગયા હોય અને આપની ઈચ્છા હોય કે મારો ફોટો નવયુગમાં છપાવવો છે તો ફકત રૂા. ૧૫૦માં આપનો ફોટો પ્રકાશિત કરવામાં આવશે

❖ કે.જી, નર્સરી કે ધો.૧ થી ધો.૯ સુધીના તથા F.Y., S.Y., P.T.C., M.A.,પ્રથમવર્ષ, તથા અન્ય અભ્યાસક્રમમાં સફળ થયેલ ઉમેદવારનો ફોટો વિના મૂલ્યે છાપવામાં આવતો નથી. રૂા. ૧૫૦ ચાર્જ આપવાથી ફોટો તથા મેટર જાહેરાત સ્વરૂપે છાપવામાં આવશે.

❖ ફોટામાં સ્ટેપલર કે ટાંકણી મારશો નહી. કોલેજ કક્ષાની માર્કસીટની ઝેરોક્ષ તથા ફોટોગ્રાફસ જેમ જેમ રીઝલ્ટ આવે એ રીતે મોકલી આપવાની રહેશે. આપના ફોટોગ્રાફસ ઓગષ્ટમાસના નવયુગમાં પ્રકાશિત કરવામાં આવશે. જેની નોંધ લેશો.......

❖ **કોલેજ કક્ષાના તેજસ્વી તારલાઓના ફોટા પણ ઓગસ્ટ માસમાં પ્રકાશિત કરવામાં આવશે. જેની નોંધ લેવા વિનંતી માર્કસીટ અને ફોટાઓ જેમ જેમ રીઝલ્ટ આવે એમ મોકલી આપવા વિનંતી તા. ૧૫.૦૭.૨૦૧૬ સુધીમાં આપની માર્કસીટ મોકલવી ત્યારબાદ આવેલ માર્કસીટ સ્વીકારવામાં આવશે નહી....વોટસઅપ કે ઈમેલ દ્વારા માર્કસીટ મોકલવી નહી...વોટસઅપ કે ઈમેલ પર આવેલ માર્કસીટ ધ્યાનમાં લેવામાં આવશે નહી...જેની નોંધ લેવી**

**વોટસઅપ કે ઈમેલ દ્વારા માર્કસીટ મોકલવી નહી... વોટસઅપ કે ઈમેલ પર આવેલ માર્કસીટ ધ્યાનમાં લેવામાં આવશે નહી...જેની નોંધ લેવી**

માર્કસીટની ઝેરોક્ષ અને ફોટો મોકલવાનું સ્થળ
**દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**
૨/૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંકની પાછળ,
ઓ. બેંક. રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

# સ્વર્ણિમ ફંડ

**સ્વર્ણિમ ફંડને એક વર્ષ પૂર્ણ થયું છે... જેમણે જે રકમ પાંચ વર્ષ માટે આપવાની સંમતિ દર્શાવી છે.. તેઓ આ વર્ષે સંમતિ દર્શાવેલ રકમ મોકલાવે એવી વિનંતી છે...**

મનિષભાઇ એમ. પંચોલી-પ્રમુખ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

**પંચોલી નવયુગ**

**જૂન - ૨૦૧૬**

તમસો માં જ્યોતિર્ગમય

રજી. નં.: A/1822 ભરૂચ

RNI NO. 6304 / 62

**પ્રકાશનનું સ્થળ**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેધા ઓટોમોબાઈલ્સ સામે, રાજકમલ આર્કેડ પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨

**પ્રકાશન સામયિકતા :**

માસિક : પંચોલી નવયુગ

પ્રકાશક તંત્રીનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી

મુદ્રકનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી

મુદ્રકનુંસરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨,૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર

માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ, મહામંડળ. બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હું દિનેશભાઈ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે......

દિનેશભાઈ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના નવા દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | ₹ ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૩૦૦૦/- |
| કલર પેજ ફક્ત દિપોત્સવીઅંક (એક ફોટો ફ્રી) | ₹ ૧,૮૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- |
| અડધુ પેજ | ₹ ૭૫૦/- |
| અડધુ પેજ એક ફોટા સાથે | ₹ ૮૦૦/- |
| પા પેજ | ₹ ૪૦૦/- |

(પા પેજ, અડધા પેજ અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)

| | |
|---|---|
| નવયુગ શુભેચ્છક | ₹ ૧૫,૫૫૫/- |

(પ્રથમ વર્ષે એક પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓનો ફોટો તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

| | |
|---|---|
| નવયુગ શુભચિંતક | ₹ ૨,૫૨૫/- |

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે. અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે (ફોટો છપાશે તો નામ આવશે નહિં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | | |
|---|---|---|
| **માસિક કિંમત** | - | **૧૦/-** |
| **વાર્ષિક લવાજમ** | - | **૧૦૦/-** |

# તંત્રીનોંધ......

સુજ્ઞ જ્ઞાતિજનો...

કુશળ હશો.....

રેડ એલર્ટ.... આતંકવાદી આવ્યા હોય તો રેડ એલર્ટ, વાવાઝોડુ કે વરસાદ આવવાનો હોય તો રેડ એલર્ટ, કંઇ પણ આફત આવવાની હોય અને એની જાણકારી થાય એટલે રેડ એલર્ટ જાહેર કરવામાં આવે આ વર્ષ.. ગરમીથી રેડએલર્ટ પ્રથમવાર સાંભળ્યું... આ મહિનો... ગરમીએ માઝા મુકી.. સૂર્યદેવે હાફ સદી ફટકારી... ૫૦ સુધી ગરમીનો પારો પહોચ્યો.. અને એનું કારણ છે ગ્લોબલ વોર્મિંગ... દિવસે દિવસે ઝાડોનું કટીંગ અને સીમેન્ટ કોક્રેટનું જંગલ વધારીને જંગલો નષ્ટ થતા જાય છે... ત્યારે આવુને આવુ જ ચાલશે તો સૂર્યદેવ સદી ફટકારવાનું ચુકશે નહીં.. માટે આ વર્ષનો અનુભવને ધ્યાનમાં લઇ આપણે વૃક્ષો વાવીએ.. જંગલો સમૃદ્ધ કરીએ..

અમારા ગામમાં એક સ્કૂલ છે એમાં જાહેરાત કરી કે વર્ષગાંઠના દિવસે ચોકલેટ, કેક, પેસ્ટી મિત્રોને ન વહેંચતા એક વૃક્ષ વાવો અને એનું જતન કરો.. આવુ જ આપણે વિચારીએ તો સારા એવા વૃક્ષો ઉગાડી શકીએ છીએ... અને ગ્લોબલ વોર્મિંગથી બચી શકીએ છીએ... આના પરીણામ રૂપે અસહ્ય ગરમી, ઓછો વરસાદ, પાણીની તંગી, અનાજની અછત, અને દુકાળના ડાકલા વાગે એ પહેલા આપણે સુધરી જઇએ...

આશા રાખીએ કે આ વર્ષે બધાના તપતા હૈયાને ઠારવા વરૂણદેવ સમયસર અને પ્રમાણસર વરસે.... વરસવાની વાત થાય છે ત્યારે આપણો સમાજ પણ ટીપે ટીપે છુટો છવાયો વરસે છે. એનાથી સરોવર કે કુવા તળાવ ભરાતા નથી.. દાખલા તરીકે આપણા પ્રમુખશ્રી દરેક અંકમાં સ્વર્ણિમ ફંડ માટે વિનંતિ કરે છે. પણ આપણે વરસવા માટે ઉત્સાહિત નથી.. એજ રીતે નવયુગ દિવાળી અંકની જાહેરાત માટે પણ હું વારંવાર વિનંતિ કરું છું પણ છુટો છવાયો વરસાદ પડે છે. કોઇક જગ્યાએ તો દુષ્કાળ જેવું લાગે છે તો જ્ઞાતિજનો વરસાદની જેમ સ્વર્ણિમ ફંડ અને નવયુગ માટે મન મુકીને ધોધમાર વરસો..... પ્રમુખશ્રીની એક કરોડ પુરા કરવાની હાકલને સુંદર પ્રતિસાદ આપો એવી આશા રાખુ છું... અને આપવાનું છે એ પણ આપણાં જ સમાજ માટે છે ને... બીજા માટે તો નથીને... માટે જરૂરથી વરસી પડો...

ગઢબોરીયાદ નિવાસી શ્રી હસમુખભાઇ છીતાલાલ પંચોલી(ઉપપ્રમુખ -પંચોલી સમાજ, પાલ વિભાગ,પ્રમુખ - ગઢબોરીયાદ એકમ) તા. ૮.૦૫.૨૦૧૬ના રોજ હરીના ધામમાં ગયા પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે અને કુટુંબીજનો પર આવી પડેલ આઘાતને પ્રભુ સહનશકિત અર્પે એજ પ્રાર્થના..

# પ્રમુખ નોંધ......

મનિષભાઇ એમ. પંચોલી
પ્રમુખ-શ્રી પં.સે.સ. મહામંડળ

સુજ્ઞ જ્ઞાતિજનો,

સૂર્યદેવનાં આકરા પ્રકોપ નો સામનો કરી સર્વે જ્ઞાતિજનોએ વેકેશન માણ્યું વિદ્યાર્થી મિત્રો સારા માર્કસ સાથે ઉત્તિર્ણ થયા, સૌને હાર્દિક અભિનંદન. તમારી પસંદગીની લાઇનમાં આગળ વધી સર્વે પોતાની કારકીર્દી બનાવે એવી આશા.. સાથે સાથે સમાજનું અને કુટુંબનું નામ પણ રોશન કરે...

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની આગામી સામાન્ય સભા તા. ૧૦.૦૭.૨૦૧૬, રવિવારના રોજ ઝાડેશ્વર -ભરૂચ મુકામે શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે રાખવામાં આવી છે. દરેક એકમોમાંથી હોદ્દેદારો, મહિલા મંડળ તથા સ્વયં ગુપના મેમ્બરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે એવી આશા વ્યકત કરું છું...

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ દ્વારા pancholisamaj.org વેબ સાઇટ નવા રૂપરંગ સાથે આવી રહી છે. વેબ સાઇટ પર આપણે નવયુગને કલરફુલ અંદાજમાં જોઇ શકીએ છીએ. વેબ સાઇટને સુંદર ઓપ આપવા બદલ વેબ કમિટિના અધ્યક્ષ શ્રી હેમંતભાઇ મિસ્ત્રી તથા કો-ઓર્ડિનેટર એડમીન શ્રી પ્રતિકભાઇ પંચોલીને હાર્દિક અભિનંદન આપું છું. તેઓ ખુબ જ સુંદર રીતે વેબ સાઇટને ડેવલોપ કરી રહ્યાં છે. વેબ સાઇટને આર્થિક સહકાર આપવા બદલ દાતાઓનો હાર્દિક આભાર વ્યકત કરું છું. અને જ્ઞાતિજનોને વિનંતી કરું છું કે વેબસાઇટને આર્થિક સહકાર આપશો તો અતિ આધુનિક રૂપરંગ આપણી વેબ સાઇટને આપી શકીએ.

યુવાનો એ આપણાં સમાજનું ભવિષ્ય છે.. યુવાનો સમાજ સાથે જોડાયેલા રહે એ હેતુથી સ્વયં ગૃપની સ્થાપ્ના કરી છે. કેટલાક એકમોમાં સ્થાપના થયેલ નથી જે એકમોમાં સ્વયં ગૃપની સ્થાપના થયેલ ન હોય તો તેઓ તાત્કાલિક ગુપની સ્થાપ્ના કરે એવી વિનંતી છે. મહિલા મંડળ દ્વારા પણ સામાજિક કાર્યો થતા રહે તેવા આયોજનો કરવા વિનંતી કરું છું.

શ્રી પંચોલી સેવા સમાન મહામંડળનું તમામ સંલગ્ન સંસ્થા ઓનું ભંડોળ મળીને રૂા. ૭૦ લાખની આસપાસ થવા જાય છે. તે ભંડોળને સને ૨૦૨૦મા એક કરોડનું થાય એવા આયોજન કરવા વિનંતી કરું છું. સૌના સાથ સહકાર વિના આ કાર્ય કરવું અશકય છે. સમાજના દરેકજ્ઞાતિજનો ઉદાર હાથે દાન આપે એવી વિનંતી કરું છું...

મહામંડળની ૫૦ વર્ષના ઉજવણી પ્રસંગે અને સમાજનાં તમામ નાના-મોટા ભાઇ-બહેનો નો સહકાર પ્રાપ્ત થાય અને જરૂરીઆતમંદ જ્ઞાતિજનો ને આપણે પૂરતી રકમની સહાય આપી શકીએ એ માટે 'સ્વર્ણિમ ફંડ'ની રચના કરવામાં આવી ઘણાં મિત્રો તરફથી સારો સહકાર પ્રાપ્ત થયો છે. તમામ દાતાઓનો આભાર વ્યકત કરું છું. ઘણાં મિત્રો તરફથી હજુ સહકાર પ્રાપ્ત થયો નથી. આવા નવયુવાન મિત્રો વડિલોને વિનંતી કરું છું કે આપણે સમાજને પાંચ વર્ષ માટે રૂા. ૧,૦૦૦/-, ૨,૦૦૦/- અને રૂા. ૫,૦૦૦/-નું દાન જ આપવાનું છે. આ દાનની રકમમાંથી આપણે મેડીકલ, શૈક્ષણિક અને વિધવા સહાયમાં ૨૫ - ૨૫ % રકમ આપીએ છીએ. ૨૫% બાકી પડતી રકમ આપણે મહામંડળના સ્વર્ણિમ ફંડમાં લઇ જઇએ છીઅ. જે મિત્રો આ યોજનામાં જોડાવવા માંગે છે અને સમાજ સેવાના આ યજ્ઞમાં સેવા કરવાની તક ઝડપવા માંગે છે તેઓશ્રીએ પોતાના દાનની રકમ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ, વ્યારાના નામના સેવિંગ્સ એકાઉન્ટસ 02690100010065 IFC Code BARBO VYARAX માં જમા કરાવી મહામંત્રીશ્રી રાજેશભાઇ પંચોલીને જાણ કરશો. ફરી હું તમામ જ્ઞાતિજનોને વિનંતી કરું છું કે તમો તમારા આવકની અમૂક રકમ સમાજ સેવા પાછળ ફાળવી શકો જેથી સમાજના જરૂરીઆતમંદ જ્ઞાતિજનોને આપણે મદદરૂપ થઇને તેઓનું જીવન ધોરણ ઉંચુ લાવી શકીએ..

## લીલાવતીબેન છગનલાલ મેમોરીયલ(સ્મૃતિ) ટ્રસ્ટ

**શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઇ ટ્રસ્ટી**
**વર્ષ ૨૦૧૬-૧૭**

**સહાયના અરજી ફોર્મ મોકલવાની છેલ્લી તારીખ 30.0૬.૨૦૧૬ સુધી લંબાવવામાં આવી છે જેની જ્ઞાતિજનોને નોંધ લેવા વિનંતી.**

શ્રી સ્વામિનારાયણ વિજયતેતરામ



# શ્રધ્ધાસુમન





## અક્ષરવાસી હરીશભાઈ જેકીશનદાસ મિસ્ત્રી

જન્મ તા. ૨૫.૦૨.૧૦૫૬   અક્ષરવાસ તા. ૧૯.૦૫.૨૦૧૬

હંમેશા આપનો મિલનસાર સ્વભાવ અને સદ્દ્ગુણોને યાદ કરી આપનો દિવ્ય આત્મા અક્ષરધામમાં મહારાજ સ્વામીની અખંડ સેવામાં બિરાજમાન થયો છે એ માટે અમો સૌ આપને શ્રધ્ધાસુમન અર્પણ કરીએ છીએ....

## અર્પણકર્તા

ગં.સ્વ. સ્વરૂપાબેન હરીશભાઈ મિસ્ત્રી

રાજેન્દ્રભાઈ જેકીશનદાસ મિસ્ત્રી   ઈન્દુબેન રાજેન્દ્રભાઈ મિસ્ત્રી

મિહિર હરીશભાઈ મિસ્ત્રી   પ્રિયા મિહિરભાઈ મિસ્ત્રી

રોહન હરીશભાઈ મિસ્ત્રી   ધારા રોહન મિસ્ત્રી

ચિ. અક્ષર મિહિર મિસ્ત્રી

એ–૫૦૨, પાંચમે માળે, કેશવ રેસીડન્સી, ચારકોપ માર્કેટ કાંદીવલી વેસ્ટ, મુંબઈ ૪૦૦ ૦૬૭
મો. ૭૭૩૮૯ ૪૬૯૭૯ / ૯૯૮૭૧ ૬૪૪૨૮ / ૭૭૩૮૦૬૪૯૪૪
ફોન : ૦૨૨ – ૨૮૬૮૧૨૦૩

# www.pancholisamaj.org

આપણું મહામંડળ એટલે સમગ્ર જ્ઞાતિને એક સુત્રે બાંધી એકબીજાને વધુ નજીક લાવતી એક માત્ર સંસ્થા. તેમાં પણ નવા જમાના મુજબ વેબસાઇટ સમાજને નવી ઉંચાઇ અને નવી ટેકનોલોજી દ્વારા સાંકળી રહ્યાં છીએ. ૨૦૧૦માં શરૂ થયેલ આપણી વેબ સાઇટ હવે નવા રંગરૂપ સાથે ૮૦ % ઉપરાંત તૈયાર થઇ ગઇ છે.

પોતાના ડેટા અપડેઇટ કરી શકાય એ મુજબ સગવડ આપવામાં આવી છે. ઉપરાંત આ સાઇટને આપ આપના મોબાઇલમાં પણ આસાનીથી જોઇ શકાશે..

મારી અપીલને માન આપી આ વખતે સુરત એકમના દાતા અગ્રેસર રહ્યા અને મુખ્ય સ્પોન્સર ઉપરાંત અન્ય કો-સ્પોન્સર સુરતના સભ્યોએ આપ્યા છે. આભાર... આભાર... અને હા નવસારી કેમ ભુલાય.. અમોને એક કો-સ્પોન્સર નવસારીથી પણ મળ્યા છે. આનાથી વેબ સાઇટ ખર્ચમાં રાહત મળી છે, પરંતુ હવે નવુ સર્વર લેવાનું છે, તમામ મેસેજો માટે માસ એસ.એમ.એસ. SPSSMM ના નામથી લીધા છે. આપના પાસવર્ડ તથા તમામ અપડેટ માટે SPSSMM ના નામથી કોડ મળશે. ઉપરાંત સર્વરનું ભાડું એટલું કે રર્નીંગ કોસ્ટ થોડી વધશે જેને પહોંચી વળવા અમો જ્ઞાતિજનો પાસે નીચે મુજબના સહકારની વધુ અપેક્ષા છે.

અમોએ વેબસાઇટના હોમ પેજ પર ૧૦ જા.ખ. માટે જગ્યા રાખી છે. જેમાં બર્થડે, મેરેજ એનીવર્સરી, અભ્યાસમાં અથવા સામાજીક ક્ષેત્રે એચીવમેન્ટ, ( કોમર્શીયલ જા.ખ. સીવાય) માટે ખૂબ જ રીઝનેબલ રેટ નીચે મુજબ રાખ્યા છે.

એક મહિના માટે રૂા. ૩૦૦/-, ૩ મહિના માટે રૂા. ૭૦૦, ૬ મહિના માટે રૂા. ૧૨૦૦

જેમાં ફોટો ૧૫૦×૧૫૦ આશરે ૫''ના મોબાઈલ સ્ક્રીન તથા બે ત્રણ નામ લઇ શકાશે. શ્રદ્ધાંજલીની મેટર ફકત રૂા. ૧૫૧/-માં ૧૦ દિવસ માટે આપી શકાશે. આ રેઈટ ઈન્ટ્રોડકટરી રેઈટ છે. જે પાછળથી રીવ્યુ કરવામાં આવશે. જાહેરાત ફસ્ટ કમ ફસ્ટ બેઝ પર માત્ર ૧૦ જા.ખ. લેવામાં આવશે. (શ્રદ્ધાંજલી સહિત).

એકમો પાસે પણ વેબ સાઇટના રીલોન્ચીંગ પ્રસંગે શુભેચ્છા ભેટની અપેક્ષા છે. આખરે વેબ સાઇટ પણ આપણી જ છે. આપણે ઓગષ્ટ મહિનામાં આ વેબસાઇટ રી લોન્ચ કરવાની ગણત્રી રાખીએ છીએ તો ઓગષ્ટ મહિનામાં જેઓને ત્યાં પ્રસંગ/ઈવેન્ટ આવતી હોય તે આનો લાભ જરૂર લે...

આપણી જાહેરાતના ચેક Shree Pancholi Seva Samaj Mahamandal A/c Web site ના નામથી લખવા વિનંતી, ડાયરેક્ટ બેન્ક એકાઉન્ટમાં જમા કરાવવા માંગતા સભ્યો ને એકાઉન્ટ નંબર 16890110005316 UCO Bank, Parle Point branch, Surat ના એકાઉન્ટમાં જમા કરાવવા વિનંતી છે...

શ્રી મનિષભાઇ એમ. પંચોલી પ્રમુખ-

શ્રી હેમંત સી. મિસ્ત્રી — વેબ સાઇટ-એડમીન

શ્રી પ્રતિક પી. પંચોલી — વેબ સાઇટ સબ એડમીન

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

૨૦૧, ગુરૂસ્મૃતિ, સોમનાથ મહાદેવ રોડ, સરગમ શોપીંગની પાછળ, પાર્લે પોઇન્ટ, સુરત ૩૯૫ ૦૦૭
Email : hemmistry@gmail.com

## સુચના

આપણી વેબસાઇટ નું સર્વર બદલવાનું હોય અગામી ૭ - ૮ દિવસ માટે વેબ સાઇટ બંધ રહેવાની શકયતા છે... સર્વર બદલાતા વેબસાઇટ નવા રૂપરંગ સાથે એકટીવ થશે..... રૂકાવટ કે લીયે ખેદ હૈ......


આપણી વેબસાઇટ પર
www.pancholisamaj.org
પર જઇ ઇ-નવયુગ પર કલીક કરો
અને દરેક માસના નવયુગનું લીસ્ટ આવશે.
જે માસનું નવયુગ જોવું હોય એ પર કલીક કરો અને દર મહિને નિહાળો.....

**પંચોલી નવયુગ**
**કલરફુલ અંદાઝમા**



# શ્રદ્ધાસુમન







**સ્વ. રતીલાલ નાથુભાઈ પચ્ચીગર**
**સ્વ. તા. ૦૭.૦૨.૧૯૭૪**

**સ્વ. કૈલાસબેન રતીલાલ પચ્ચીગર**
**સ્વ. તા. ૧૭.૦૨.૨૦૧૬**

**શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારાને**
**સ્વ. કૈલાસબેન અને સ્વ. રતિલાલ નાથુભાઈ પચ્ચીગર**
ના સ્મરણાર્થે શ્રી પરેશભાઈ રતિલાલ પચ્ચીગર તરફથી
શૈક્ષણિક વ્યાજ વપરાશ ફંડ માટે રૂા. ૫૧,૦૦૦/-નું માતબર દાન મળ્યું છે..
આભાર

જીવન એવું જીવી ગયા કે જોનારા જોયા કરે, કર્મ સદા એવા કર્યા કે સૌના હૈયામાં ગુંજ્યા કરે,
દુઃખથી કદી ડર્યા નહીં, વહેવાર કદી ચુકયા નહી, ધર્મ કદી ભુલ્યા નહીં, સુખ-દુઃખમાં સદા હસતાં રહ્યા,
દર્શન નથી તમારા, પણ હૃદયમાં વાસ છે....
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ અમારી સૌની પ્રાર્થના....

**અર્પણકર્તા**

શ્રી પરેશભાઈ રતિલાલ પચ્ચીગર
શ્રીમતિ અંજલિબેન પરેશભાઈ પચ્ચીગર

શ્રી સિદ્ધાર્થ પરેશભાઈ પચ્ચીગર
શ્રીમતિ ફાલ્ગુની સિદ્ધાર્થ પચ્ચીગર

શ્રી કૃણાલ વિજયભાઈ પંચોલી
શ્રીમતિ કૃતિ કૃણાલ પંચોલી
ચિ. શુભ કૃણાલ પંચોલી

૨૬, વિપુલપાર્ક સોસાયટી, લક્ષ્મી સો મીલની પાછળ, વ્યારા. જિ. તાપી.
મોબાઈલ : ૯૮૯૮૬ ૮૦૫૯૦

# શ્રધ્ધાંજલી



**સ્વ. ગં.સ્વ. મંજુબેન રમેશચંદ્ર પંચોલી**
સ્વર્ગવાસ : તા. ૦૬.૦૬.૨૦૧૪
પ્રભુ આપના આત્માને બીજી પૂણ્યતિથિએ
ચિર:શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**અર્પણકર્તા**
શ્રી મનોજકુમાર રમેશચંદ્ર પંચોલી
શ્રીમતિ સોનલ મનોજભાઈ પંચોલી
કુ. શ્રેયા મનોજકુમાર પંચોલી-BA
ચિ. જય મનોજકુમાર પંચોલી-Chem.Eng.

૧૮, રઘુવીર નગર, બોરભાઠારોડ, સુરવાડીની સામે, અંકલેશ્વર
મો. ૯૫૭૪૭ ૨૯૬૮૭/૯૯૨૫૦ ૮૪૪૪૩

# શ્રધ્ધાંજલી



**ચક્ષુદાતા સ્વ. ગં.સ્વ. શાંતાબેન નાથાલાલ મિસ્ત્રી**
સ્વર્ગવાસ : તા. ૧૮.૦૫.૨૦૧૬
પ્રભુ આપના આત્માને ચિર:શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**અર્પણકર્તા**
રાજેન્દ્રભાઈ નાથાલાલ મિસ્ત્રી ગીતાબેન રાજેન્દ્રભાઈ મિસ્ત્રી
શ્રી કિશોરભાઈ નાથાલાલ મિસ્ત્રી
ચિ. ધવલ રાજેન્દ્રભાઈ મિસ્ત્રી
સંજયકુમાર એ. પંચોલી જાગૃતિ સંજયકુમાર પંચોલી

બી-૯, શ્રી રામનગર સોસાયટી, જીઈબી પાછળ,
અંકલેશ્વર ૩૯૩ ០૦૧ મો. ૯૫૩૭૯ ០૬૭૬૨

## લગ્નજીવનની હાર્દિક શુભેચ્છાઓ...



તા. ૨૭.૧૧.૨૦૧૫ના રોજ
પરીણયની પગદંડી પર ડગ માંડતા
**ચિ. સચીન-ચિ. ઉજ્જવલા**
ને અમારી હાર્દિક શુભેચ્છાઓ....

ભાવેશ વી. પંચોલી — વિપીનચંદ્ર બી. પંચોલી
અંકિતાબેન બી. પંચોલી — શકુંતલાબેન વી. પંચોલી
જયમીન વિપીનચંદ્ર પંચોલી — નિમિષા જયમીન પંચોલી
લાડલા અંજની-હિમાની-આરવ

૩૯૯, જય ગણેશ સો., આનંદવાન કોમ્પલેક્ષ પાછળ,
સુભાનપુરા વડોદરા
મો. ૯૯૯૮૦૦૯૬૪૯/૯૯૯૮૪૮૬૯૦૨

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના
નામે વ્યારા શાખાની બેંક ઓફ બરોડાનાં સેવિંગ્સ ખાતા નં.
**02690100010065 IFC Code BARBO VYARAX**
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...
પ્રમુખશ્રી - મનિષભાઈ એમ. પંચોલી-વ્યારા

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા
'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/c પંચોલી
નવયુગના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં
ખાતા નંબર
**014710003655 IFSC code Bkdn 0210147**
માં જમા કરાવો અને
**કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...**
તંત્રી-દિનેશભાઈ એમ. મિસ્ત્રી-વ્યારા

સ્થાપના વર્ષ-૧૯૭૨ (રજી. નં. એ/૧૮૨૨/ભરૂચ)

# શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

## તબીબી સહાય અરજી પત્ર

તમસો માં જ્યોતિર્ગમય
રજી. નં.: A/1822 ભરૂચ

❖ અરજદારનું નામ :.......................................................................................................
અરજદારની ઉંમર : .................... વ્યવસાય : ...............................................................

❖ અરજદારનું પત્ર વ્યવહારનું સરનામું : ......................................................................
....................................................................................................................
................................................................ પીનકોડ નં. : ...........................................

❖ ફોન નં. (ઘર) ........................ (ઓ) ......................... મો. : ....................................

❖ કુટુંબના સભ્યની આવક વિગત :

| ક્રમ | નામ | ઉંમર | અરજદાર સાથેનું સગપણ | માસિક આવક |
|---|---|---|---|---|
| ૧ | .......................................... | .......... | ...................... | .................. |
| ૨ | .......................................... | .......... | ...................... | .................. |
| ૩ | .......................................... | .......... | ...................... | .................. |

❖ અરજદારના બેંકના ખાતાની વિગત :
ખાતેદારનું નામ : .........................................................................................................
બેંકનું નામ :................................................ શાખા : .....................................................
ખાતાનો પ્રકાર : ................................ ખાતાનો નંબર : ...............................................

❖ સારવાર લીધેલ સભ્યનું નામ : .....................................................................................
સારવાર લીધેલ રોગની વિગત :.........................................................................................
....................................................................................................................
સારવાર લીધાની તારીખ : ................................................ થી ............................................સુધી
હોસ્પિટલનું નામ અને સરનામું ........................................................................................
....................................................................................................................
કુલ ખર્ચની રકમ : રૂા. ......................................
(હોસ્પિટલનું બીલ + લેબોરેટરી બીલ + દવાના બીલની ઝેરોક્ષ અવશ્ય મોકલવી)
મેડીકલેમ હોય તો તેની વિગત : ........................................

**નોંધ : હિસાબી વર્ષ દરમ્યાન માત્ર એક જ વાર સહાય આપવામાં આવશે.**
**અરજી સાથે બેંકના પાસબુકની પ્રથમ પાનાની ઝેરોક્ષ**
**અથવા ચેકની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.**

........................................
અરજદારની સહી

**અરજી મોકલવાનું સરનામુ** (પાછળ જુઓ)

તબીબી સેવા સંકુલ-અધ્યક્ષ
**ડો. વિસ્મય મહેશભાઈ મિસ્ત્રી**
સ્માઇલ ડેન્ટલ ક્લીનીક, પો.બો.નં.-૨,
પ્રકાશ શોપીંગ સેન્ટર
ITI કોલેજ સામે, સ્ટેશનરોડ, અંકલેશ્વર-૧
મો. : ૯૭૨૭૯ ૪૭૩૦૦

તબીબી સેવા સંકુલ-મંત્રી
**શ્રી પારસભાઈ મનુભાઈ મિસ્ત્રી**
'પ્રમુખ રેફરીજરેશન' એફ-૬૨, હેક્ષઓન આર્કેડ
જયાબેન હોસ્પીટલ પાસે, વાલીયારોડ,
જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨
મો. : ૯૮૨૫૩ ૬૩૦૦૨

# ભલામણ પત્ર

શ્રી..............................................................ની અરજીમાં લખેલ વિગત તપાસીને ખાતરી કરી છે.

અને એ વિગતો સાચી છે આથી તેમને સહાય કરવાની ભલામણ કરું છું.

એકમનું નામ : ....................................................

હોદ્દો : પ્રમુખ/ઉપપ્રમુખ/મંત્રી/સહમંત્રી

(એકમનો રબર સ્ટેમ્પ)

હોદ્દેદારનું નામ : ................................................................ સહી : ................................

સરનામું : ..........................................................................................................

..........................................................................................................................

ફોન : ............................ ............................... મો. : ..................................................

## વ્યાજ વપરાશ ફંડ

| ક્રમ | દાતાઓના નામ | મળેલ દાન |
|---|---|---|
| (૧) | ધનવંતરી પૂજન ફંડ | ૫,૦૦,૦૦૦.૦૦ |
| (૨) | તબીબી સેવા સંકુલ | ૪,૨૩,૭૬૧.૪૯ |
| (૩) | સ્વ. મણીબેન અને સ્વ. અંબેલાલ ઝીણાભાઇ પંચોલી તથા સ્વ. કાંતીલાલ અંબેલાલ પંચોલી-લેસ્ટર | ૧,૫૧,૮૫૧.૦૦ |
| (૪) | માતુશ્રી તાપીબેન ઘેલાભાઇ ટ્રસ્ટ-મુંબઇ | ૧,૧૧,૧૧૧.૦૦ |
| (૫) | શ્રી પંચોલી સમાજ યુ.કે. હ. કાળીદાસ વી. પંચોલી-લેસ્ટર | ૭૬,૫૦૦.૦૦ |
| (૬) | સ્વ. હીરાલાલ માણેકલાલ પંચોલી હ. ગં.સ્વ. રમણબેન એચ. પંચોલી-લેસ્ટર | ૫૧,૦૦૦.૦૦ |
| (૭) | સ્વ. મગનલાલ ડી. પંચોલી હ. શારદાબેન એમ. પંચોલી પરિવાર-લેસ્ટર | ૫૧,૦૦૦.૦૦ |
| (૮) | સ્વ. શાંતાબેન ડે. મિસ્ત્રી હ. કોકિલાબેન ડે મિસ્ત્રી તથા દિલીપભાઇ ડે. મિસ્ત્રી | ૫૧,૦૦૦.૦૦ |
| (૯) | શ્રી અરવિંદભાઇ ત્રિ. પંચોલી હ. મેહુલ અરવિંદલાલ પંચોલી-લેસ્ટર | ૫૦,૦૦૧.૦૦ |
| (૧૦) | મેડીકલ સહાય ફંડ | ૩૨,૦૦૦ |
| (૧૨) | સ્વ. અ.સૌ. ભગવતીબેન મણીલાલ પંચોલીના સ્મરણાર્થે<br>હસ્તે મણીલાલ ભુલાભાઇ પંચોલી-શાંતાક્રુઝ | ૫૦,૦૦૦ |
| (૧૩) | સ્વ. ભાષ્કરભાઇ જમનાદાસ ગાંધીના સ્મરણાર્થે<br>હસ્તે : પુષ્પાબેન ભાષ્કરભાઇ ગાંધી અને પરિવારજનો-સેલવાસ | ૫૦,૦૦૦.૦૦ |
| (૧૪) | શ્રીમતી સરસ્વતીબેન અને શ્રી પ્રવિણભાઇ ગોપાળભાઇ પંચોલી, લેસ્ટર | ૧,૫૧,૦૦૦.૦૦ |
| (૧૫) | સ્વ. મદનબેન તથા સ્વ. નાથુભાઇ સાકરલાલ પચ્ચીગરના સ્મરણાર્થે<br>હસ્તે શ્રીમતિ ખુશ્બુ તથા શ્રી પ્રતિશકુમાર જગદીશચંદ્ર પચ્ચીગર-સુરત(અમેરીકા) | ૫૧,૦૦૧.૦૦ |
| (૧૬) | એક સજ્જન તરફથી | ૫૧,૦૦૦.૦૦ |
| (૧૭) | કુસુમબેન મોહનલાલ પંચોલી-લેસ્ટર | ૧,૦૧,૧૦૧.૦૦ |
| (૧૮) | શ્રીમતિ હેલીબેન તથા શ્રી કૃણાલ કિશોરભાઇ મિસ્ત્રી-બીલીમોરા (હાલ સાઉદી-રીયાધ) | ૫૧,૦૦૦.૦૦ |

# શેઠાણીની રામાયણ (હાસ્ય લેખ)

પલ્લવી જીતેન્દ્ર મિસ્ત્રી
અમદાવાદ

બે કામવાળી સોસાયટીના નાકે રસ્તા વચ્ચે મળી જાય છે.

-અલી મણી, ચ્યમ દેખાતી નથી? કિમ ચાલે સે કામકાજ?

-જીમ ચાલતું તું ઈમ જ સ્તો મારી બુન. કામકાજમાંથી નવરી જ નથી પડતી ને.

-હાંભળ્યું સે કે આ સોસીટી(સોસાયટી) માં તેં નવું કામ બાંઈધુ સે. આ તારી નવી હેઠાણી ચેવી સે?

-હેઠાણી તે વરી કેવી ઓય? બીજી બધી હેઠાણી જેવી સ્તો.

-તારી હારે કચકચ તો નથી કરતી ને?

-લે કઈર વાત, તંયે કચકચ ન કરે તો ઈ હેઠાણી હાની (શાની)?

-હં, તારે ઈમ કેને કે ઈ બધી યું એક જ જાતની.

-નંઈ તારે, આ જો ને કાલે મને હવારમાં સાએબ (સાહેબ) નો બુશકોટ બતાઈને કે – 'જો મણી, કાલે તેં શરટ (શર્ટ) ધોયું તે બાંયુ ને કોલર તો એવાંને એવાં જ મેલાં સે.'

-હાય હાય. ઈવડી ઈ આવું બોલી તને? પણ પસી તેં હું કીધું?

-ઉં હું કેવાની ઊતી વરી? મેં કીધું કે – 'બુન, કાલે મારી સોડી (છોકરી) બૌ રોતી તી, તે મારૂં ધીયાન (ધ્યાન) ઈનામાં ઊતું. શરટ મેલું રઈ ગીયું ઓય (હોય) તો મેલી દીયો, પાસું (પાછું) ધોઈ દઉં.

-તું ય ખરી સે ને મણી, હાવ નરમ ડિલની (દિલની.) તંયે જ તારી હેઠાણી તારી પાહે ડબલ કાલ લિયે સે ને?

-ડબલ કામ કરે મારી બલારાત. સાએબનું ઈ શરટ પાસું ધોયું, પણ હેઠાણીનો ચણિયો ધરાર ધોકાઈને હૂકવી મેઇલો.

-હં તીયારે તું ઊશીયાર (હોંશિયાર) ખરી હોં મણી. આવા માણા (માણસ) ની હાથે (સાથે) તો આવું જ કરવું જોવે, તંઈ જ ઈમને ખબર પડે.

- ભેંસના હીંગડા (શીંગડા) ભેંસને ભારી, આપણે હું? છોડ ઈ બધી વાતો, તારે કીમ હાલે સે?

-મારી હેઠાણીની તો તું વાત જ ના પૂસ. (પૂછ) મહા કંજૂસડી. ચમચી જેવી ચમચી હો ગઈણા કરે. પરમ દિ મને પૂસે –'મંજુ એક ચમચી કીમ ઓસી (ઓછી) સે?'

-લે કઈર વાત. આપણે હું જાણીએ કે ચમચી કાં ગઈ?

-હાસ્તો, આપણે તો રીયા દેહી (દેશી) માણહ. આપણે થોડા ચમચીથી ખાઈએ? ને ચમચીમાં વરી હું ચોરવાનું? હું તો ઈવી (એવી) નાની ચીજને હાથ હો નીં લગાડું. હા, થારી (થાળી) , વાડકો કે તપેલી હોય તો વરી વાત જુદી. આ હેઠાણીયું બધી ભણેલી ખરી પણ ગણેલી નીં મલે.

-કીમ ઈમ કીયે સે અલી?

- જોને, મને મારી હેઠાણીએ જુના કપડાં વેસવા આલેલાં. તે બે – તઈણ જોડ, બે – તઈણ જોડ, કરી કરીને હું લાવતી ગઈ ને પસી કટકે કટકે પૈહા આલતી ગઈ. એને તો યાદ હેનું રહે કે ચેટલા કપડા આલેલા ને ચેટલાના પૈહા આઈવા.

-ઈમ મંજુ, ખરી ઉશિયાર તું તો. ચેટલા પૈહા કમાઈ લીધા?

-જવા દે ને મણી. ઈટલામાં હું આપણી કંઈ મેડીયું (બંગલા) બંધાવાની સે?

-નહીં સ્તો વરી. પણ આ હેઠાણીની જાત – પૂસો નંઈ.

ઈંવડીઈ મહારાણી તો રોજ બની ઠનીને માલવા (મહાલવા) જાય ને આપણે કાંઈ કેથે જવું હોય તો કે' કે 'પેલ્લેથી કઈ (કહી) ને જવાનું.'

-હં, ને પેલ્લેથી કઈએ એટલે ઈંમ કીયે કે 'કામ પતાવીને જાને.'

-મેમાન આઈંવા ઓય તીયારે વાહણ ઘહવા તો હારી બોલાવે ને ખાવાનું આલે તીયારે બે તઈણ પૂરી ને ચપટીક હાક (શાક), કોળીયો દાળ –ભાત ને મીઠાઈને નામે તો અલ્લાયો જ, ભાળી છે જ કુણે ભા?

-તે મીઠાઈ કદાચ બનાવતા જ નીં ઓય.

-અરે નીં હાની બનાવે? વાહણ ઉટકતાં આપણને ખબર નોં પડે કે ખીર બનાઈ'તી કે હીખણ (શ્રીખંડ) લાયા તા.

-મારી હેઠાણી તો હાવ એવી નીં મલે. મને તો બધુંય આલે હોં. જીનું ખાયે ઈંનું ખોદે તો પાપ લાગે. ખાવાનું આલવામાં મારી હેઠાણી જરાય ડીલ નીં ચોરે.

-તીયારે તો તું નસીબદાર કેવાય મણી.

-હા હોં. પણ મંજુ, આ હેઠાણીની રામાયણ માંડીને બેહી હું (બેસીશું) તો હવારની હાંજ પડહે તો હો પાર નીં આવહે. પસી કામ કુણ કરહે, મારો ભા? (ભાઈ)

-અરે, આ તો જરી મલીએ ને બે વાત થાય તો આપણું મન હલકું (હળવું) થાય. હું કીયે સે મણી?

-હા હોં, વાત તો તારી ખરી, મંજુ. લે હાલ, પસી પાસા મલહું, અમણા તો જાઉં, મારી તો સોકરી રોતી ઓહે(હશે)

હા, તું તારે જા, બેન, વાતો તો તો પસી હો થતી રેહે, આવજે બુન.

# મામાનું ઘર.....

આજે વેકેશનનો પહેલો દિવસ, રોજ શાળાએ જવા માટે વહેલું ઉઠવું. યુનિફોર્મ, દફતર, નાસ્તાનો ડબ્બો અને હિમાલય પર્વત જેવડો હોમવર્કનો બોજ અને એમાંથી મુકિત એટલે... વેકેશન...

આજે મમ્મીએ ઉઠાઠવાની તસ્દી પણ ન લીધી. જાતે ઉઠયા. કારણ કે કયાંક જવાનું હતું. જેની રાહ ઘણા દિવસોથી હતી.. કહે છે કે ભગવાન દરેક જગ્યાએ પહોંચી ન શકયા એટલે તેમણે 'માઁ'નું સર્જન કર્યું. પણ જયારે 'માઁ' પણ ન પહોંચી શકી એટલે ભગવાને મામાનું સર્જન કર્યું. જે ને બે વખત માઁ કહેવું પડે તે મામા...

આખુ વર્ષ જે જીદ, ઈચ્છાઓ, ખુશી મમ્મી-પપ્પા ના પુરી કરી શકે તે બધી જ જીદ, ઈચ્છાઓ, ખુશી હસતાં હસતાં પુરી કરે તે મામા.. ઉનાળાનો ધોમધખતો તડકો હોય, ગરમ પવનના વાયરા ચાલુ હોય, પણ મામા તેનું કામ જલ્દી પુરું કરવાની હામ રાખે કારણ કે તેનાં ભાણેજો આવવાનાં છે. આજે મારા મામા પણ મારી રાહ જોઈને બેઠા હતાં. જેવા મામાને ઘરે પહોંચ્યા તેવા પ્રેમથી ઉંચકી લીધા જાણે જીવનની બધી જ ખુશી એક સાથે મળી ગઈ હોય એ રીતે પ્રેમ અને વ્હાલની વર્ષા વરસાવી. પહેલો સવાલ બોલ બેટા તને આ વેકેશનમાં શું જોઈએ છે. ? મારા મામા કંઈ ધનવાન નથી, તે ગામના નાના અને કાચા મકાનમાં રહે છે પણ તેના દિલની અમીરી આગળ દુનિયાની દૌલતની શું વિસાત. ઘણી બધી ઈચ્છાઓ હતી માંગવાની પણ તેમના હેત અને વ્હાલની આગળ મારી ઈચ્છાઓ બહુ નાની પડી..

બસ ભગવાન દરેક પુરૂષને મામા બનવાનું સદ્ભાગ્ય આપે.એનો અર્થ એ છે કે જગતની તમામ બહેનોના ઘર બાળકોથી કિલ્લોલ કરતાં હોય અને બધી જ બહેનો સુખી હોય.

બસ આનાથી વધુ એક ભાઈને શું જોઈએ ? મારી તો બધી જ ખુશી મારા મામા પુરી કરે છે, મારી માઁ ની બધી જરૂરીઆતો પૂર્ણ કરે છે. અરે મારી માની છેલ્લી જરૂરીઆત કે જેને આપણે કફન કહીએ છીએ એ પણ મામા આપે છે. જીવનની શરૂઆત અને અંત વચ્ચે ખુશીની હારમાળાનુંસર્જન એ કોઈ કરી શકે છે તે મામા છે....

ભગવાન આ જગતના તમામ મામાને સલામત અને દિલનાં અમીર બનાવી રાખે.... મારા મતે તો ઉનાળુ વેકેશન એટલે મારી ખુશી એજ મારા મામાની ખુશી..

ચંદા મામા સે પ્યારા મેરા મામા.....

# અભિનવ પૂર્તિ

ડો. મહેશભાઇ એમ. મિસ્ત્રી
અંકલેશ્વર -મો. ૯૮૨૫૨ ૮૨૭૮૯

## એક ટીપું...





પાણીનું એક ટીપું
જો એ તાવડી પર પડે
તો એનું અસ્તિત્વ મટે છે.
એ જો કમળના પાન પર પડે
તો મોતી જેવું ચમકી ઉઠે છે.
અને જો છીંપમાં પડ્યું
તો મોતી જ થઇ જાય છે.
પાણીનું ટીપું એજ
તફાવત માત્ર સહવાસનો...
'અશ્વિન પાનસે'

આ નાનકડું ગીત જીવનની દશે દિશાઓ ખોલી આપે છે. જીવનને સમજવા માટે ઘણીવાર જે કામ મોટા મોટા ગ્રંથો નથી કરતાં, તે કામ નાનકડું ગીત કરી જાય છે.

જો નાનકડું ટીપું ગરમ ગરમ તાવડી પર પડે તો પળભરમાં બળી જાય છે. પરંતુ એજ ટીપુંને સરોવરમાં ઉગેલા કમળના પાન પર ઝાકળ બિંદુ થઇને મોતી જેવું ચમકે છે. માનવ જીવનનું પણ આવું જ છે. પૂર્વ જન્મના કર્મોના આધારે માણસને જો સત્વશીલ સંસ્કારી કુટુંબ મળે તો એનું જીવન ફુલ બનીને મ્હોરી ઉઠે છે. પરંતુ જો કોઇ અસંસ્કારી અને મુલ્યો વિહોણા પરિવારમાં જન્મે તો એનું જીવન દુષ્કર બની જાય છે..

કવિએ ત્રીજી ગતિની સર્વોત્તમ દિશા બતાવી કહે છે જો પાણીનું આજ ટીપું જો કોઇ સાગરના છીપમાં જઇને પડે તો મહામૂલુ મોતી બની જાય છે. ટીપું તો એનું એજ છે. પણ એ કોની સંગત કરે છે તે મહત્વનું બની જાય છે. સંગ તેવો રંગ.. એટલે જ આપણે ત્યાં સત્સંગનો અપાર મહિમા ગવાયો છે. સંગતિ દોષ બે પ્રકારે લાગે છે. કોઇના સંગનો રંગ આપણને લાગે છે એજ રીતે આપણા સંગનો રંગ પણ બીજાને લાગે છે.. એટલે હંમેશા આપણે સદ્દગુણો કેળવવા, દુર્ગુણો, દૈર્જનો અને વ્યસનોથી દુર રહેવું તો જ મોતી જેવું મૂલ્યવાન જીવન બની શકે છે....

## બાળપણ

આવી ગયું તુ હાથમાં એક બાળપણનું ચિત્ર

ક્ષણ પાંચ સાત રોઇને ભીની કરી લીધી...

જીવનનો સૌથી ઉત્તમ તબકકો શૈશવ છે, કારણ કે એમાં બધા આપણું ધ્યાન રાખે, પછી ઉંમરમાં આપણે પોતાનું અને અન્યનું ધ્યાન રાખવાનું હોય છે. વૃદ્ધાવસ્થા પણ આ માન ભોગવે છે. પણ એ સન્માનપાત્ર હશે કે નહી એ શંકા છે.

દસમા ધોરણની ફરેવેલ પાર્ટીઓ પૂરી થઇ. આ ફેરવેલનો મહત્વનો નિર્દેશ છે. છૂટા પડવું અને કદાચ એવા વળાંક પર કે વરસો સુધી પાછો ભેટો ન પણ થાય.

રોલ ધોવડાવીને ડેવલોપ કરવાના જમાનામાં જે જન્મ્યા હતા તેમને ભાગે તસ્વીરી સુખ સાચવવાનું બહું ઓછુ બન્યુ છે. નહીંતર સ્કૂલ યુનિફોર્મમાં વરસો જુની આપણી જાત જોવા મળે તો આંખોને ઝળઝળીયાનું ઇનામ પ્રાપ્ત થાય.

જેમની તસ્વીરો સચવાય છે એ લોકો ખરેખર નસીબદાર છે. તસ્વીર સાથે સ્મૃતિઓ જોડાયેલી હોય છે.સ્મૃતિ પાછલી જિંદગીને એક સંવેદનશીલ આધાર આપતું માતૃત્વ છે.

અડધી ચડ્ડીમાં બેરોકટોક દોડતો હિતેશ, માથામાં તેલ નાંખીને ચપ્પટ વાળ ઓળી સ્કૂલમાં આવતો ચંપક, તોફાન કરવાના મનોરથ સાથે પધારતો મનીષ, ભણવા કરતાં નાસ્તામાં રસ ધરાવતો ધીરેન, પરીક્ષામાં ચોરી કરતો નિલેશ, શિક્ષકોના મૌલિક નામ પાડવામાં ઉસ્તાદ ઉમેશ, બાજુવાળાના પેન્સિલ રબર સગેવગે કરવાની મોજ માણતો મહેશ, તમે જાયા જ હશો..

બે રોટલા ઘડવાની માથાકૂટ વગરની બે ચોટલા વાળીને ફરતી છોકરીઓ વધુ લાડકી લાગે. શૈશવની ગલીઓમાં લટાર મારવી એ એક રાજવી વૈભવ છે. આંખો માટે આ એક રેડ કાર્પેટ ટ્રીટમેન્ટ છે. સાથે ઉછરવું એ પણ એક સંયોગ હોય છે. દસમીથી છુટા પડેલા સહાધ્યાયીઓ જિંદગીનો અધ્યાય માંડવા વેર-વિખેર થઇ જશે, કેટલાક ચાર પાંચ વર્ષ સુધી સંપર્કમાં રહેશે, કેટલાંક વીસેક વર્ષે અચાનક

મોલમાં ભટકાય જશે, કેટલાક લોકલ ટ્રેનમાં અલપઝલપ મળી જશે, કેટલાકનો તો કોઇ અતોપતો પણ નહીં મળે, મુઠ્ઠીભર મિત્રો સાથે કદાચ સંપર્ક સૂત્ર જળવાય રહે. સખીઓ સંસાર માંડી એક નવા જ વિશ્વનું સર્જન કરશે. મળવું અને છૂટા પડવું તો ચાલતું રહેવાનું વાત છે આ સમયને જીવી લેવાની.

શૈશવના દિવસોમાં રમાયેલી રમતો, પર્યટન કે પ્રવાસની ક્ષણો સાથે માણેલી ઉજાણીઓ. તોફાની બારકસ ઘટનાઓ સ્મૃતિને અબજોપતિ બનાવે છે. આવી ક્ષણો તસ્વીરસ્થ થાય તો પાછલી જિંદગીમાં ઇકોસ્ક્રીન સાથે લઇ શકાય, દવાની અસર સારી થશે.

તમારું બાળક નાનું હોય તો કમ્પ્યુટરની હાર્ડ ડિસ્ક હાંફી જાય એટલા ફોટા પાડજો. હાર્ટની જેમ હાર્ડડિસ્ક ફેલ થતી હોય છે એટલે તાબડતોબ પસંદગીની પ્રિન્ટ કઢાવી લેજો. આ પ્રિન્ટ ઓલસરતી અવસ્થામાં પહોંચેલા પ્રિન્સ કે પ્રિન્સેસને ફેરવેલ નહીં, પણ ફીલ વેલનો અહેસાસ અચૂક કરાવશે....

સાભાર : હિતેન આનંદપુરા..

## અધુરી કહાની.......

સ્નેહાની નજર દિવાલ પરની ઘડિયાલ પર વારંવાર પડતી હતી. રાત્રે ૯.૩૦ વાગ્યા હતાં. એ વિચારવા લાગી, આજકાલ એમને થયું છે શું ? પહેલા તો સમયસર ૫.૩૦ થાય એટલે ઘરમાં એન્ટ્રી પડી જ હોય. અને મોડું થાય તો તરત પાડોશમાં રમણભાઇને ત્યાં ફોન દ્વારા સંદેશો મોકલાવી દેતા હતા. સ્નેહાને ચેન પડતું નહોતું. જ્યારથી અમદાવાદમાં તોફાનનો પવન ફુંકાયો અને સ્ટેબીંગ થવા માંડયા, ત્યારથી ઘેર ઘેર આજ દશા હતી. એટલામાં જ બહાર સ્કુટરનું પરિચત હોર્ન સંભળાયું.

પપ્પા આવતા જ ચિન્ટુ એ પુછયું ‘પપ્પા કેમ આજે મોડું થયું ?’

દિપકે સ્હેજ હોઠ મલકાવ્યા, થોડું કામ હતું બેટા’

સ્નેહા રડું રડું થઇ ગઇ પણ શાંત રહી. છતાં પણ રાત્રે જમતી વખતે તેનાથી પૂછયા વગર રહેવાયું નહીં ‘એવું તે શું છે આજકાલ કે રોજ મોડું થવા માંડયું ?

સ્નેહા આજકાલ ઓફિસમાં બહુ કામ રહે છે, નોકરી કરવી હોય તો બોસનો હુકમ તો માથે ચડાવવો જ પડે ને.. પણ પાડોશી રમણભાઇને ત્યાં ફોન કરીને સંદેશો તો મોકલવો જોઇએને ?

‘અરે મેડમ...વારંવાર પાડોશીને કયાં તકલીફ આપવી. બસ હવેથી ધ્યાન રાખીશ. દિપકે કાન પકડીને સોરી કહ્યું. ત્યારે સ્નેહા અને ચીન્ટુ ખડખડાટ હસી પડયા.

દિપક અને ચિંતુ સુઇ ગયા પણ સ્નેહાને આજે વીણાની વાતો જ ગુમરાયા કરતી હતી. તે વિચારવા લાગી મારો દિપક આવો તો ન જ હોય. સ્નેહા મનને આશ્વાસન આપવા માંડી પરંતુ બીજી જ પળે વીણાની વાતો પણ યાદ આવી જતી.

તેની બહેનપણી વિણા ૩ દિવસ પહેલા બજારમાં મળી ગઇ ત્યારે કહેતી હતી ‘સ્નેહા, મારે ન કહેવું જોઇએ પણ તને ચેતવી દઉં છું ! એવું તે શું છે વીણા ? કાંઇ ખાશ નથી પરંતુ દિપક આજકાલ એની સેક્રેટરી સ્મિતા જોડે હરતા ફરતા નજર પડે છે.

ઘડિયાળમાં રાતના બે ના ટકોરા પડયા. ન છુટકે સ્નેહાએ ઉંઘની ગોળી લીધી અને સુઇ ગઇ. એ દિવસ પછી દિપક સમયસર ઘરે આવી જતો. સ્નેહાને લાગ્યું કે વીણાએ મને નકામી જ ગભરાવી મુકી. દિપક એવું કરે જ નહીં એવો મને પુરો વિશ્વાસ છે.

અઠવાડિયા પછી સ્નેહા બજારમાંથી લારીવાલા પાસે શાકભાજી ખરીદી રહી હતી અચાનક એણે પાછળ જોયું તો એની નજર સામેથી દિપકનું સ્કૂટર પસાર થઇ ગયું. પાછળની સીટ પર એક સ્વરૂપવાન સ્ત્રી બેઠી હતી. સ્નેહા સ્તબ્ધ થઇ ગઇ............ હવે આગળ......

**પ્રથમ વિજેતા** - મૃદુતા પી. પંચોલી-સુરત

### કન્યાદાન

લગ્નના સાત સાત વર્ષ પછી જેના પ્રેમ સાગરમાં કયારેય ઓટ આવી નથી એ પોતાનો દીપક. જેના પર શક કરકવાનું કોઇ જ કારણ નહોતું પણ એનું વર્તન સ્નેહાને બેચેન કરી રહ્યં હતું. એટલામાં ડોરબેલ વાગી અને દરવાજો ખોલ્યો તો સામે દીપક ઉભો હતો. બહુ જલ્દીમાં લાગતો હતો.. બુટ કાઢ તા સ્નેહાને કહ્યુ ફટાફટ ચા બનાવી આપીશ ? પાછુ જવું પડશે બહુ અરજન્ટ કામ છે.. દીપક જલ્દીમાં સીડી ચઢવા માંડયો અને એના ખીસામાંથી એની જાણ બહાર એક કાગળ પડયું. સ્નેહા ચાનું પાણી ચડાવીને આવી ત્યારે એણે કાગળ જોયું.

દીપકના બેંક એકાઉન્ટમાંથી રૂા. ૧,૦૦,૦૦૦/- સેક્રેટરી સ્મિતાના એકાઉન્ટમાં જમા હતાં. સ્નેહા સ્તબ્ધ બની ગઇ અને લાગ્યુ કે હવે આ બાબતમાં દીપકને પૂછવું જ પડશે.. એ દાદર ચડતી હતી ત્યાં ફરી ડોરબેલ વાગી સામે જ સ્મિતા

ઉભી હતી..

સ્નેહા કશુ બોલે કે કશુ પુછે એ પહેલા સ્મિતાએ એને ગળે વળગાડી લીધી. દીદી' તમારા પતિ ભગવાન છે., દેવતા છે સ્મિતા બોલી રહી હતી અને સ્નેહા આવક બની સાંભળી રહી. મારી મા હોસ્પિટલમાં છે. અરજન્ટ ઓપરેશન કરવું પડયું મારા સગા ભાઇનો દરવાજો ખટખટાવ્યો તેણે પણ હાથ ઉંચા કરી દીધાં એવામાં દીપકભાઇએ મારા માથે હાથ મુકયો. એમણે કહ્યું તારો આ ભાઇ તારી મદદ કરશે. એમણે મને મારી મા પાછી આપી. અને સાથે સાથે એક ભાઇ પણ..

હું તમને પેંડા આપવા આવી હતી. આવતા મહિને મારા લગ્ન નકકી થયા છે. અને 'કન્યાદાન' તમારે અને દીપકભાઇએ જ કરવાનું છે. સ્નેહા સ્તબ્ધ થઇને સાંભળી રહી અંદર ગેસ પર મુકેલા પાણીનું બાષ્પીભવન થઇ ગયું હતું અને સાથે સાથે કદાચ સ્નેહાના મનની દુવિધા પણ....

**દ્વિતીય વિજેતા**-શ્રુતિ ચિરાગકુમાર મપારા

## પસ્તાવાનું સ્મિત

સ્નેહા બજારમાંથી ઘેર આવ્યા પછી એનું મન ચકરાવે ચડયું અને વારંવાર વિણાએ કરેલ વાત યાદ આવવા લાગી ચિંતામાં ને ચિંતામાં સ્નેહાની તબીયત બગડવા લાગી.. ઘરમાં અને ચિન્ટુનું પણ ધ્યાન બરાબર લઇ શકતી ન હતી. અને એક દિવસ અચાનક સ્નેહાની તબિયત વધુ બગડી અને ચકકર ખાઇને ઢળી પડી.

તુરત હોસ્પિયલમાં દાખલ કરી ડોકટરની તપાસને અંતે નિદાન થયું કે સ્નેહાને કોઇ માનસિક આઘાત લાગ્યો છે. દિપક અને ચિન્ટુ રાત દિવસ સ્નેહાની સેવા કરતાં પણ સ્નેહા સુનમુન બની ચૂપ જ રહેતી.

એક દિવસ દીપકની સેક્રેટરી સ્મિતા હોસ્પિટલ કામમ અર્થે આવી ત્યારે દીપકને જોતા પૂછવા લાગી ભાઇ તમે અહીં ? કોણ માંદુ છે ? પ્રશ્નોની ઝળી વરસાવી દીધી. ત્યારે દીપકે કહ્યું ઘરે અચાનક ઢળી પડી અને અહીં દાખલ કરી. પણ બહેન ખબર નથી પડતી સ્નેહાને શું થઇ ગયું છે. દવા પણ અસર નથી કરતી.. કંઇ વાંધો નહીં ભાઇ તમે ચિંતા ના કરશો... સ્નેહાભાભી સાથે હું વાત કરીશ, પૂછીશ અને સમજાવવાની કોશીષ કરીશ..

બસ ! ભાઇ-બહેનનો આ સંવાદ સાંભળી એની તબીયતમાં સુધારો વર્તાવા લાગ્યો.. મનમાંથી બધી જ શંકા-કુશંકાઓ દૂર થઇ ગઇ અને આંખમાં પસ્તાવાના આંસુ સરી પડયા...

અધુરી કહાની......ના પોઇંટો..

**સંબંધોનું નવલું પ્રભાત**

સ્નેહા હજુ કંઇ સમજે વિચારે એ પહેલા દીપકનું સ્કૂટર એની પાસે આવી ઉભું. સ્મિતા ઝડપથી ઉતરી અને સ્નેહા પાસે આવી અને કહ્યું 'સ્નેહા તું ? ' ૧૫ વર્ષમાં કેટલી બદલાઇ ગઇ... કેટલી મઝા આવતી હતી સ્કૂલમાં હતા ત્યારે ? ગયા વર્ષે અમદાવાદ આવી ત્યારે દીપકે મને ઘણી મદદ કરી હતી. કયારેક દીપક તારી વાત કરે પણ મને નહોતી ખબર કે તુ મારી સખી સ્નેહા જ હશે.. બન્ને ભેટી પડયા અને વર્ષો બાદ મળવાની ખુશીમાં આંખો શ્રાવણ - ભાદરવા વરસાવી ગઇ...

**જય પંચોલી-અમદાવાદ**

**શંકાનું સમાધાન**

વીણાની વાતોથી ચકરાવે ચડેલાં મનમાં અનેક શંકા કુશંકાના વિચારો ચાલવા માંડયા. ઘડીકમાં વિચાર આવ્યો એમના સ્કૂટર પાછળ જાઉં  તપાસ કરું એવિચારમાં ને વિચારમાં કયાં શોધવા જવું.રાત્રે દિપક ઘરે આવ્યો પરંતુ સ્નેહા કંઇ બોલી નહીં. વીણાની વાત તથા નજરે જોયેલું દ્રશ્ય સતત મનમાં મુઝવતું હતું. પણ દીપકને પૂછવાની હિંમત ન ચાલી.. દીપક પણ એના વર્તનથી મુઝાયો પણ કંઇ હલ ન જડયો..

ત્રણ દિવસ પછી સ્મિતા સ્નેહાને દવાની દુકાને મળી ગઇ.. અને એની જોડે વાતચીત થઇ... મારી માની તબીયત અચાનક બગડી એને હોસ્પિટલમાં દાખલ કરી.. હું એકલી હોવાથી મારે દોડધામ કરવાની અને માને પણ સાચવવાની, પરંતુ દીપકભાઇએ મને પૈસાથી માંડી... ઘરે લાવવા લઇ જવા માટે ખૂબ જ મદદ કરી. એના જેવા માણસ મળવા દુર્લભ છે.. એમનો ઉપકાર ભુલાય એમ નથી.. તમારા પણ દીપકભાઇ ખુબ વખાણ કરતા હતા...

હકીકત જાણી સ્નેહાને ખૂબ જ પસ્તાવો થયો... વગર વિચારનું પગલું ઘરસંસાર બગાડે છે... સ્નેહાના મનનું સમાધાન થયું.. અને દીપકની માફી માંગી... હર્યો ભર્યો સંસાર બચી ગયાનો આનંદ હતો...

હરીશ ભગવાનદાસ મિસ્ત્રી-બારડોલી



# સંસ્થા સમાચાર......

### શ્રી પંચોલી સેવા સમાજ, મુંબઈ

## રામનવમી નવચંડી યજ્ઞ

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ, અને તેની સંલગ્ન સંસ્થા શ્રી પંચોલી ભગીની સમાજ તેમજ યુવા મંચ આવિષ્કાર ગ્રુપના સથવારે શ્રી રામનવમી નવચંડી યજ્ઞ સમારોહ તા. ૧૫.૦૪.૨૦૧૬ના રોજ યોજવામાં આવ્યો હતો. જેમાં અધ્યક્ષ સ્થાને શ્રી રાજેન્દ્રભાઇ ચુનીલાલ પંચોલી અને અધ્યક્ષા સ્થાને શ્રીમતિ દક્ષાબેન રાજેન્દ્રભાઇ પંચોલી વિરાજમાન હતાં. આ સમારોહમાં કુલ પાંચ યુગલોએ નવચંડી યજ્ઞમાં ભાગ લીધો હતો. (૧) શ્રીમતિ બિનીતા અને શ્રી જય મુકેશ પંચોલી-સાંતાક્રુઝ (૨) શ્રીમતિ ટર્વીકલ અને શ્રી કૃણાલ રાજેન્દ્રભાઇ પંચોલી-ગોળદેવળ (૩) શ્રીમતિ વિના અને શ્રી મયુર જગદીશકુમાર મિસ્ત્રી-મીરારોડ (૪) શ્રીમતિ તરલીકાબેન અને શ્રી ગિરીશભાઇ નટવરલાલ ઝવેરી - ખેતવાડી (૫) શ્રીમતિ પ્રવિણાબેન હરકિશનદાસ પંચોલી-મીરારોડ

સવારે શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ, પંચોલી ભગીની સમાજ તેમજ યુવા મંચ આવિષ્કાર ગ્રુપનાં સથવારે સવારે ૧૦ કલાકે 'પંચોલી કવીઝ કોન્ટેસ્ટ'નું આયોજન કર્યુ હતું. પંચોલી ભગીની સમાજ દ્વારા મહિલાઓ માટે 'રસોઇની કવીઝ' રાખવામાં આવી હતી. તે અંતર્ગત ૩૦ સવાલોના જવાબ ૧૫ મિનિટની સમય મર્યાદામાં લખવાના હતાં. આ પરિણામ જાહેર કરવામાં આવ્યું. જેમાં રસોઇની મહારાણી તરીકે શ્રીમતિ ફોરમ દેવાંગ ગાંધી વિજેતા થયા. શ્રીમતિ જાગૃતિબેન મહેતાના વરદ હસ્તે એમને ઇનામ આપી મહારાણીનો તાજ પહેરાવવામા આવ્યો હતો.

યુવામંચ આવિષ્કાર ગ્રુપ ના કવીઝ કોન્ટેસ્ટનું સંચાલન શ્રીમતિ ડિમ્પલ હિરલ મિસ્ત્રી, શ્રીમતિ ફોરમ દેવાંગ ગાંધી, શ્રી વિશાલ કમલ કાપડિયા, શ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી દ્વારા કરવામાં આવ્યું. જેમાં બાળકોથી માંડીને સિનિયર સિટિઝન સાથે સર્વેએ ભાગ લીધો હતો. ૧૧ ટીમો વચ્ચે સાત રાઉન્ડની સ્પર્ધા લેવામાં આવી. સામાન્ય વિજ્ઞાન, ફિલ્મો, સંગીત, ટી.વી. સીરીયલો, જાહેર ખબરો ઉપર આધારીત આ કવીઝમાં કુલ ૪૪ સભ્યોએ ભાગ લીધો. આ કવીઝની વિજેતા ટીમો આ પ્રમાણે છે.

પ્રથમ : ચિ. નિધિ કલ્પેશ મિસ્ત્રી
કુ. રિદ્ધિ કમલેશ પંચોલી
શ્રીમતિ લીના રાહુલ મિસ્ત્રી
શ્રીમતિ નયનાબેન

દ્વિતીય : ચિ. નિકી જીતેન્દ્ર મિસ્ત્રી
શ્રી ચિંતન પ્રદિપકુમાર મિસ્ત્રી
શ્રીમતિ ધર્મિષ્ઠાબેન ભૂપેન્દ્રભાઇ પંચોલી
શ્રીમતિ જયશ્રીબેન નંદકુમાર મિસ્ત્રી

તૃતીય : ચિ. સુજલ યતિન પંચોલી
શ્રી નયન નવિનચંદ્ર મિસ્ત્રી
શ્રીમતિ વંદના મયંકકુમાર મિસ્ત્રી
શ્રીમતિ અનુરાધા ચેતન કાપડિયા

વિજેતા ટીમોને ઇનામ વિતરણ કર્યા બાદ સ્વાદિષ્ટ ફરાળી ભોજનનો સ્વાદ સૌએ માણ્યો. બપોરે ૨.૦૦ કલાકે આવિષ્કાર ગ્રુપની સામાન્ય સભા યોજવામાં આવી. આવિષ્કાર ગ્રુપના નવા પ્રમુખ તરીકે શ્રી નકુલ ભાવિક કાપડિયાની નિમણૂંક કરવામાં આવી હતી. ૩.૩૦ કલાકે શ્રી પંચોલી ભગીની સમાજના પ્રમુખ તરીકે શ્રીમતિ પ્રતિમાબેન ઉમેશચંદ્ર મિસ્ત્રીની નિમણૂંક કરવામાં આવી હતી. સાંજે ૪.૩૦ કલાકે શ્રી રામનવમી નવચંડી યજ્ઞની પૂર્ણાહુતિ કરી હતી. માતાજીની આરતી કરી તમામ સભ્યોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

સાંજે ૫.૦૦ કલાકે મંત્રીશ્રી પરાગભાઇ નવિનચંદ્ર મિસ્ત્રીએ શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇની વાર્ષિક સામાન્ય સભા વર્ષ ૨૦૧૫-૧૬ની કાર્યવાહી શરૂ કરી. આજરોજના અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર ચુનીલાલ પંચોલીને તેમજ પ્રમુખ શ્રી ડો. ભૂપેન્દ્રભાઇ પંચોલીને મંચ પર આમંત્રિત કર્યા. ઉપપ્રમુખ શ્રી મુકેશભાઇ પંચોલી, શ્રી મુકેશભાઇ ઝવેરી, ખજાનચીશ્રી ભાવિકભાઇ મોહનભાઇ કાપડિયા તેમજ ભગીની સમાજના પ્રમુખ શ્રીમતિ પ્રતિમાબેન મિસ્ત્રી, આવિષ્કાર ગ્રુપના પ્રમુખ શ્રીમતિ ડિમ્પલ હિરલ મિસ્ત્રી, ઓડિટરશ્રી કિરણભાઇ પંચોલીને મંચ પર સ્થાન ગ્રહણ કરવા વિનંતી કરી હતી. મંત્રીશ્રી પરાગભાઇએ સૌનું અભિવાદન કર્યુ હતું. આજના પ્રસંગે અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત શ્રી રાજેન્દ્રભાઇએ પોતાનું વ્યકતવ્ય આપી સર્વેને સમાજ પ્રતિ ઉત્સાહિત અને કાર્યાન્વિત થવા પ્રેરણા આપી હતી. અધ્યક્ષસ્થાનેથી તેમણે આજના પ્રસંગે રૂા. ૩૦૦૧/-ની ભેટ આપી હતી.

મંત્રીશ્રી પરાગભાઇએ વર્ષ ૨૦૧૪-૧૫ની સામાન્ય સભાની મિનિટ્સનું વાંચન કર્યુ હતું. જે સર્વાનુમતે પાસ જાહેર કરાયું હતું.

સહ ખજાનચી શ્રી કુંતલભાઇ પંચોલીએ વર્ષ ૨૦૧૫-૧૬નો આવકજાવકનો હિસાબ અને સરવૈયુ રજુ કર્યા હતાં. જેને

સર્વાનુમતે મંજુરી મળી હતી. સહ ખજાનચી શ્રીએ લીલાવતી છગનલાલ મેમોરીયલ ટ્રસ્ટનો અહેવાલ અને હિસાબની રજુઆત કરી હતી જેને સર્વાનું મતે મંજુરી આપી હતી.

શ્રી પંચોલી ભગીની સમાજ મુંબઇનો વર્ષ ૨૦૧૫-૧૬નો હિસાબ તેમજ અહેવાલની રજુઆત શ્રીમતિ ડિમ્પલ મિસ્ત્રીએ કરી હતી. શ્રી યુવામંચ આવિષ્કાર ગ્રુપનો વર્ષ ૨૦૧૫-૧૬નો હિસાબ તેમન અહેવાલની રજુઆત શ્રી વિશાલ કાપડિયાએ કરી હતી જેને સર્વાનુમતે મંજુરી મળી હતી.

શ્રી રાહુલ જીતેન્દ્ર મિસ્ત્રીએ કન્યાદાનનો મુદ્દો રજુ કરતા કહ્યું કે સમાજ તરફથી જે કન્યાના લગ્ન થાય એને કન્યાદાન આપવામાં આવે છે તેમાં વધારો કરવો જોઇએ.. દીકરીઓને જેટલું પણ આપો ઓછું જ છે. એ વિચારે આપણે ફંડમાં વધારો કરવો જોઇએ. આ મુદ્દાને પ્રચંડ પ્રતિસાદ મળ્યો. અનેક ભાઇ-બહેનોએ સ્વેચ્છાએ ઉત્સાહ તથા આનંદ પૂર્વક ફાળો નોંધાવ્યો હતો જે સમાજ માટે ગર્વની વાત છે.. કન્યાદાન યોજના માટે નીચે મુજબની નોંધણી કરવામાં આવી.

૫૦૦૦ શ્રી જયેશ હરકિશનદાસ મિસ્ત્રી-વિરાર
૫૦૦૦ શ્રી ઉમેશચંદ્ર હરકિશનદાસ મિસ્ત્રી-વિરાર
૫૦૦૦ શ્રી પ્રકાશ મણીલાલ પંચોલી-અંધેરી
૫૦૦૦ શ્રી કમલ ગુલાબદાસ કાપડિયા-ખેતવાડી
૫૦૦૦ શ્રીમતિ ઉષાબેન નરેશભાઇ મિસ્ત્રી-ગોરેગાંવ
૫૦૦૦ શ્રી પ્રદિપ હરકિશનદાસ પંચોલી-મીરારોડ
૫૦૦૦ શ્રીમતિ હિરલ નિલેશ પંચોલી-કાંદીવલી
૫૦૦૦ શ્રીમતિ કલાવતી નવિનચંદ્ર મિસ્ત્રી-મુંબઇ
૫૦૦૦ શ્રીમતિ પૂર્ણિમાબેન કિરીટકુમાર ગાંધી-મીરારોડ
૫૦૦૦ શ્રીમતિ લીના રાહુલ મિસ્ત્રી-મીરારોડ

ઉપરોકત રકમ વ્યાજ વપરાશ માટેની રહેશે.

૫૦૦ શ્રીમતિ નિરંજનાબેન સુરેશચંદ્ર મિસ્ત્રી-અંધેરી
૫૦૦ શ્રીમતિ મનિષા ભાવિક કાપડિયા-મીરારોડ
૫૦૦ શ્રીમતિ મીના કમલ કાપડિયા-ખેતવાડી
૨૫૦ શ્રીમતિ દક્ષાબેન કમલેશ પંચોલી-બોરીવલી
૨૫૦ શ્રીમતિ તરૂલતાબેન જીતેન્દ્ર મિસ્ત્રી-નવસારી
૨૫૦ શ્રીમતિ ઉષાબેન જયંતિલાલ મિસ્ત્રી- નવસારી
(વધારો-કુલ ૫૦૦ રૂા.)
૨૫૦ શ્રી જીતેન્દ્ર બળવંતરાય મિસ્ત્રી-નવસારી
૫૦૦ શ્રી જીતેન્દ્રભાઇ ગોવિંદદાસ મિસ્ત્રી-મીરારોડ

ઉપરોકત રકમ દરેક કન્યાને આપવામાં આવશે.

સહમંત્રીશ્રી વિશાલભાઇ કાપડિયા દ્વારા શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇની નવી વેબસાઇટ બનાવવી એ અંગે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં સામાન્ય સભામાં હાજર રહેલા સભ્ય તરફથી ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો. શ્રીમતિ કેતનાબેન મનિષભાઇ પંચોલી દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન યોજાયેલ દરેક કાર્યક્રમની ટુંકમાં રૂપરેખા જણાવવામાં આવી હતી. એ પછી પ્રમુખ ડો. ભૂપેન્દ્રભાઇ પંચોલી, ઉપપ્રમુખ મુકેશભાઇ પંચોલી, ઉપપ્રમુખ શ્રી મુકેશભાઇ ઝવેરી તેમજ ઓડિટરશ્રી કિરણભાઇ પંચોલીના વરદ હસ્તે વર્ષ ૨૦૧૫-૧૬ના તમામ કારોબારી સભ્યોને તેઓના વર્ષ દરમિયાન કરેલા કાર્યો તેમજ ઉત્સાહ માટે ઈનામ વિતરણ કરી તેઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. ખજાનચી શ્રી ભાવિકભાઇ કાપડિયા દ્વારા વર્ષ ૨૦૧૬ સુધીના શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇની સામાન્યસભામાં પાસ થયેલા અગત્યના ઠરાવો બંધારણમાં ઉમેરો કરાવા બદલ સામાન્ય સભામાં જાણ કરવામાં આવી હતી. મંત્રીશ્રી પરાગભાઇ મિસ્ત્રીએ સામાન્ય સભાને જાણ કરી હતી કે શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઇ તરફથી આપવામાં આવતી વિધવા સહાય જે ગત વર્ષે રૂા. ૩૦૦૦/- + રૂા. ૭૫૦=- એક સદ્ગૃહસ્થ તરફથી એમ રૂા. ૩૭૫૦/ હતી જે આ વર્ષથી વધારીને આવેલ દરેક વિધવા સહાય અરજીને રૂા.૩૭૫૦+૭૫૦ એક સદ્ગૃહસ્થ તરફથી એમ રૂા. ૪૫૦૦/- આપવામાં આવી છે. તેમજ પંચોલી સેવા સમાજ મુંબઇ તરફથી આપવામાં આવતી નોટબુક તેમજ રોકડ સહાય આ વર્ષે પણ સમાજની હેડ ઓફિસ ‘સુવર્ણધામ’ ખેતવાડી મુકામે તા. ૧૨.૬.૨૦૧૫ અને તા. ૧૪.૦૮.૨૦૧૬ બન્ને રવિવારના દિવસે સવારે ૯.૩૦ થી બપોરે ૧.૦૦ કલાક વાગ્યા સુધી આપવામાં આવશે. શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના દરેક કાર્યક્રમમાં બહારગામથી આવનાર મહેમાન માટે મહેમાન ફી રૂા. ૩૦૦/- વર્ષ ૨૦૧૬-૧૭ થી ફરજીયાત ભરવાની રહેશે તેની નોંધ સામાન્ય સભાને કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૧૬-૧૭ માટે નવા પ્રમુખશ્રી નછ વરણી જેમાં પ્રમુખ શ્રી ડો. ભૂપેન્દ્રભાઇ પંચોલીએ તમામ કારોબારી સભ્યોને પ્રોત્સાહિત કરી ખૂબ જ સુંદર લાગણીમય આશિષ વચનો સભા સમક્ષ રજુ કર્યા હતાં. તેઓએ શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના નવા પ્રમુખ તરીકે શ્રી રાહુલભાઇ જીતેન્દ્રભાઇ મિસ્ત્રી-મીરારોડ ની વર્ષ ૨૦૧૬-૧૭ના નવા પ્રમુખ તરીકેની વરણી કરવામાં આવી હતી. અને સમગ્ર સભાખંડે તાળીઓના ગડગડાટથછ નવા વરાયેલા પ્રમુખશ્રીને વધાવી લઇ અભિનંદન પાઠવ્યા હતાં.

મંત્રીશ્રી પરાગભાઇ મિસ્ત્રીએ આભાર દર્શન કરી સામાન્ય સભાને બરખાસ્ત જાહેર કરી સર્વે સભ્યોને સ્વાદિષ્ટ રાત્રી ભોજન માટે આગ્રહ કર્યો હતો.

| | | |
|---|---|---|
| ૨૦૧૭ | શ્રી જીગર જયંતભાઇ મિસ્ત્રી-ખેતવાડી | નિ.ફં. |
| ૬૦૦ | શ્રી કલ્પેશ ઉમેશભાઇ મિસ્ત્રી-વિરાર | મહેમાન ફી |
| ૨૦૦૦ | શ્રી સીસીલ પ્રવિણકુમાર મિસ્ત્રી-યુ.કે. | રામનવમી |
| ૫૦૧ | શ્રી દિપકભાઇ ગોવિંદજી પંચોલી-ગ્રાંટરોડ | રામનવમી |
| ૨૦૧ | નારીરત્ન હસુમતીબેન ડી. મિસ્ત્રી | રામનવમી |
| ૨૦૦ | શ્રી મુકેશ પરમાનંદ મિસ્ત્રી-સાંતાક્રુઝ | ગેસ્ટ ફી |

૧૫૦૦ શ્રી જય મુકેશભાઇ પંચોલી-સાંતાક્રુઝ હવનમાંટે
૨૦૦૦ શ્રી જીતેન્દ્રભાઇ ગોવિંદદાસ મિસ્ત્રી-મીરારોડ
દુધી હલવો સ્પોન્સર
૧૫૦૦ શ્રી જયંતીભાઇ મંગુભાઇ મિસ્ત્રી-ગોલદેવળ
દુધી હલવો સ્પોન્સર
૩૫૧ શ્રી હેમીલ મહેશભાઇ મિસ્ત્રી-વસઇ આ.સભ્ય
૬૮૯૮ શ્રી હેમીલ મહેશભાઇ મિસ્ત્રી નિભાવ ફંડ
૨૫૧ શ્રીમતિ રચના હમીલ મિસ્ત્રી-વસઇ આ. સભ્ય
૭૫૦૦ એક સદ્‌ગ્રહસ્થ તરફથી વિધવા સહાય
૨૦૦ શ્રી નગીનભાઇ નરોત્તમદાસ મિસ્ત્રી-અ'વાદ રામનવમી
૧૦૧ શ્રીમતિ શોભાબેન કિશોરભાઇ મિસ્ત્રી-બીલીમોરા
પૌત્રી નિષ્કાની વર્ષગાંઠ નિમિત્તે.
૨૦૧ શ્રી ભાવિક મોહનલાલ કાપડિયા-મીરારોડ રામનવમી
૬૦૦ શ્રી નયન નવિનચંદ્ર મિસ્ત્રી-મીરારોડ મહેમાન ફી
૨૦૧ શ્રી સૂર્યકાંત નટવરલાલ ઝવેરી રામનવમી
૧૫૦૦ શ્રી મયૂર જગદીશભાઇ મિસ્ત્રી-મીરારોડ હવનમા
૪૦૦ શ્રી મયૂર જગદીશભાઇ મિસ્ત્રી મહેમાન ફી
૭૦૧૭ શ્રી કરણ જતીનભાઇ પંચોલી-ગોલદેવળ
આ.સભ્ય-નિભાવફંડ
૨૧૦૦ શ્રી નકુલ ભાવિકકુમાર કાપડિયા-મીરારોડ નિભાવફંડ
૨૩૦૦ શ્રી ગિરીશ નટવરલાલ ઝવેરી-ખેતવાડી હવન અને ગે.ફી.
૧૧૧૧૧ શ્રીમતિ દિવ્યાબેન જયંતિલાલ મિસ્ત્રી સ્વ. ધર્મેન્દ્રના
સ્મરણાર્થે શૈક્ષણિક સહાય માટે
૨૨૨૦ શ્રી કૌશલ પ્રમોદભાઇ મિસ્ત્રી-ગોરેગાવ નિભાવફંડ
૩૫૧ શ્રી હરેશભાઇ નરોત્તમદાસ મિસ્ત્રી-સીપી ટેન્ક રામનવમી
૧૦૧ શ્રી રમેશભાઇ દયારામ મિસ્ત્રી-બોરીવલી રામનવમી
૧૫૦૦ શ્રી પ્રદિપકુમાર હરકીશનદાસ પંચોલી-મીરારોડ હવન
૨૫૧ શ્રી કેતન પ્રદિપભાઇ પંચોલી-મીરારોડ કેનેડા પરદેશગમન
૧૦૧ શ્રી કેતનભાઇ જયંતીભાઇ મિસ્ત્રી-વસઇ ગૃહપ્રવેશ
૨૦૧ શ્રીમતિ હંસાબેન રમેશચંદ્ર પંચોલી-દુભાષલેન રામનવમી
૨૦૧ શ્રી ઇન્દ્રવદનભાઇ રમેશચંદ્ર પંચોલી-કાંદીવલી રામનવમી
૧૬૬૫ શ્રી હરેશભાઇ નરોત્તમદાસ મિસ્ત્રી સીપીટેન્ક નિ.ફં.
૧૫૦૦ શ્રીમતિ કિરણબેન પ્રિયવદન મિસ્ત્રી-જાગેશ્વરી રામનવમી
૫૦૦ શ્રી અજીત ભગવાનદાસ આરીવાલા-ખેતવાડી નિ.ફં.
૨૦૦ શ્રી શરદ ઉત્તમરામ મિસ્ત્રી-નવસારી રામનવમી
૭૦૧૭ ડો. પ્રેમલ નરેન્દ્રભાઇ ગાંધી-મીરારોડ આ.સ./નિ. ફંડ
૨૫૧ ડો. કવિતા પ્રેમલ ગાંધી-મીરારોડ આ.સભ્ય
૫૦૦ શ્રી પૂર્વેશ મધુસુદનભાઇ કાપડિયા-કાંદીવલી રામનવમી
૩૦૦૧ શ્રી રાજેન્દ્ર ચુનીલાલ પંચોલી-ગોલદેવળ અધ્યક્ષસ્થાનેથી
૧૧૪૪ શ્રી રાજેન્દ્ર ચુનીલાલ પંચોલી-ગોળદેવળ નિ.ફંડ
૧૫૦૦ શ્રી કુણાલ રાજેન્દ્ર પંચોલી-ગોળદેવળ હવનમાં
૧૦૧૭ શ્રી કુણાલ રાજેન્દ્ર મિસ્ત્રી ,, ,, નિ.ફંડ
૨૫૧ શ્રીમતિ ટવીંકલ કૃણાલ મિસ્ત્રી-ગોળદેવળ આ.સભ્ય

**યુવા મંચ-આવિષ્કાર ગ્રુપ**

તા. ૧૫.૦૪.૧૬ના રોજ રામનવમી નિમિત્તે 'સૂર્યનારાયણ વાડી' માં પંચોલી કવીઝ કોન્ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું જેમાં વય મુજબ કવીઝ માટેની ટીમોનું વિભાજન કર્યુ. કુલ ૧૧ ટીમોમાં ૧૦ થી નીચે, ૧૧ થી ૨૫, ૨૫ થી ૪૦, ૪૦ થી વધુ.. એમ દરેક વય જૂથમાંના એક એક સભ્ય દરેક ટીમમાં હતાં.

આવિષ્કાર ગ્રુપના અધ્યક્ષા શ્રીમતિ ડિમ્પલબેહેને બધાને આવકારી રમતના નિયમો જણાવ્યા. કવીઝ કોન્ટેસ્ટમ કુલ ૭ રાઉન્ડ હતાં. એક મિનિટમાં ચીઠ્ઠી ઉપાડી જવાબ આપવાના હતાં. સવાલો ટી.વી પર આવતી જાહેરખબરો, સિરિયલો, ફિલ્મો, ગીતો, સામાન્ય જ્ઞાન પર આધારિત હતાં. આ કવીઝમાં અબાલવૃદ્ધો સહિત સૌએ ઉત્સાહભેર ભાગ લઇ જવાબો આપ્યા.. પ્રથમ ત્રણ ટીમોને વિજેતા જાહેર કરવામાં આવી. જે નીચે મુજબ છે.

પ્રથમ : ચિ. નિધિ કલ્પેશ મિસ્ત્રી
કુ. રિદ્ધિ કમલેશ પંચોલી
શ્રીમતિ લીના રાહુલ મિસ્ત્રી
શ્રીમતિ નયનાબેન

દ્વિતીય : ચિ. નિકકી જીતેન્દ્ર મિસ્ત્રી
શ્રી ચિંતન પ્રદિપકુમાર મિસ્ત્રી
શ્રીમતિ ધર્મિષ્ઠાબેન ભૂપેન્દ્રભાઇ પંચોલી
શ્રીમતિ જયશ્રીબેન નંદકુમાર મિસ્ત્રી

તૃતીય : ચિ. સુજલ યતિન પંચોલી
શ્રી નયન નવિનચંદ્ર પંચોલી
શ્રીમતિ વંદના મયંકકુમાર મિસ્ત્રી
શ્રીમતિ અનુરાધા ચેતન કાપડિયા

આ પ્રસંગે વિવિધ કારોબારી સભ્યો દ્વારા વિજેતા ટીમોને ઇનામો આપવામાં આવ્યા. કવીઝ કોન્ટેસ્ટનું આયોજન શ્રીમતિ ડિમ્પલબેન તેમજ શ્રીમતિ ફોરમબેને કર્યુ હતું. અને આ કવીઝના વકતા શ્રી વિશાલભાઇ અને શ્રી પરાગભાઇએ સ્થાન સંભાળ્યું હતું.

૧૫૦ નારીરત્ન માનનીય હસુમતીબેન ડી. મિસ્ત્રી
૨૫૧ શ્રીમતિ વિના મયૂર મિસ્ત્રી-સભ્યફી
૧૦૧ શ્રીમતિ શોભાબેન કિશોરભાઇ મિસ્ત્રી-નિષ્કાની વર્ષગાંઠ નિમિત્તે.
૬૦૦ નારીરત્ન માનનીય હસુમતીબેન મિસ્ત્રી-ગીફટ માટે
૩૦૦ શ્રીમતિ દિવ્યાબેન જયંતિલાલ મિસ્ત્રી-ગીફટ માટે

આવિષ્કાર ગ્રુપ સર્વે દાતાઓના આભારી છે...

ભોજન બાદ આવિષ્કાર ગ્રુપની વાર્ષિક સામાન્ય સભા મળી. મંત્રી શ્રીમતિ ફોરમ દેવાંગ ગાંધીએ વાર્ષિક અહેવાલનું વાંચન કર્યુ. ત્યારબાદ સર્વાનુ મતે હિસાબોને મંજુરી આપવામાં આવી. ડિમ્પલબેને ત્રણ વર્ષ સુધી ગ્રુપનું સુકાન સંભાળી વિવિધ કાર્યો કર્યા તે બદલ તેમને અભિનંદન આપ્યા. ડિમ્પલબેને પણ એમણે કરેલ કાર્યોમાં સુંદર સાથ સહકાર

આપનાર સર્વે કારોબારી સભ્યો, સલાહકાર તેમજ સર્વેનો આભાર માન્યો. આવિષ્કાર ગ્રુપના આગામી પ્રતિનિધિ તરીકે શ્રી નકુલ ભાવિક કાપડિયાની સર્વાનુમતે નિમણૂંક કરી તેમને કાર્યભાર સોંપવામાં આવ્યો.

## પંચોલી સમાજ-વડોદરા

શ્રી પંચોલી સમાજ વડોદરાની સામાન્ય સભાનું આયોજન તા. ૦૮.૦૫.૧૬ના રોજ સાંજે ૫ થી ૮ દરમ્યાન વડિલ વિસામો વાઘોડિયારોડ ખાતે રાખવામાં આવી હતી. સૌ પ્રથમ સામાન્ય સભાના સંચાલન માટે શ્રી મધુભાઇ ડે. પંચોલીની વરણી કરવામાં આવી. શ્રી મધુભાઇ ડે તેમજ સમાજના હોદ્દેદારો તેમજ સંલગ્ન સંસ્થાના પ્રમુખે સ્ટેજ પર સ્થાન ગ્રહણ કર્યા બાદ મંત્રી શ્રી દેવાંગભાઇની પ્રાર્થના 'અસત્યો માહેથી' થઇ તેમાં સૌએ સાથ પુરાવ્યો.

વડોદરાના પ્રમુખ શ્રી પદ્માકાંતભાઇએ આવકાર પ્રવચનમાં સમાજના સર્વે સભ્યોને આવકાયા તેમજ સમાજ દ્વારા છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ વિવિધ પ્રવૃત્તિ માહિતી આપવામાં આવી.

આ રીતે પોગ્રામમાં જ્ઞાતિજનો ભેગા મળે ત્યારે સ્નેહમીલનનું વાતાવરણ સર્જાય છે અને સમાજ ભાવના જાગૃત થાય છે. અને એકબીજાની મુશ્કેલી સમજીને સહાય કરવાના પ્રયત્નો થાય છે. શ્રી પદ્મામકાંતભાઇએ ડીજીટલ સમાજ રચના માટેનું સુચન કર્યુ અને તે માટે જરૂરી કાર્યવાહી શરૂ કરવા શ્રી હેમંતભાઇ સુખદેવભાઇની નિમણૂંક કરી એમને આ દિશામાં આગળ વધવામાં જણાવ્યું. જેથી આગળની કાર્યવાહી થઇ શકે.

ધો.૯ અને ૧૦ના વિદ્યાર્થીઓ માટે કારકીર્દી માર્ગદર્શન માટે આ વર્ષે સપ્ટે.-ઓકટો-૧૬માં વડોદરાના શ્રેષ્ઠ ઇન્દુ કલાસીસના સંચાલક શ્રી ઇન્દુભાઇ પટેલના સહકારથી એક કાર્યક્રમ યોજવાનું વિચાર્યુ છે. જે માટે દરેક વાલીઓએ જેમના બાળકો ધો. ૯ અને ૧૦માં ભણતા હોય તેઓએ તેમના નામો શૈક્ષણિક કન્વીનર શ્રી નરેશભાઇ અને શ્રી હરનીશભાઇ જી. ને નોંધાવવા માટે જાહેરાત કરી.

વડોદરા સમાજ ને વિદ્યાર્થીઓને ચોપડા વિતરણ માટે રાજપીપલાના અને હાલ અમદાવાદ નિવાસી શ્રી ભાવિનભાઇ યોગેશભાઇ પંચોલી તરફથી પિતાશ્રી સ્વ. યોગેશભાઇ બાબુભાઇ પંચોલીના સ્મરણાર્થે ૫૦૦ નંગ ચોપડા આપ્યા તે માટે શ્રી પંચોલી સમાજ વડોદરા વતી એમનો આભાર માન્યો.

આજની સામાન્ય સભાના ખર્ચ શ્રી જયરાજભાઇ અંબાલાલ પંચોલી-એડવોકેટ દ્વારા સ્પોન્સર રૂા. ૭૦૦૦/- આપવામાં આવ્યા છે. તેમજ સર્વે દાતાઓનો શ્રી પંચોલી સમાજ વડોદરા દ્વારા આભાર વ્યકત કરવામાં આવ્યો.

વડોદરા સમાજ તેમજ સર્વે સમાજના દિવંગત આત્માઓને બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી આપવામાં આવી.તથા તમામ જ્ઞાતિજનોના આરોગ્ય માટે સર્વે સુખીનો સન્તુ... શ્લોકનું પાંચ વખત સમુહમાં પઠન કરવામાં આવ્યું.

મંત્રી શ્રી દેવાંગભાઇ દ્વારા ગત સામાન્ય સભાની નોંધનું વાંચન કર્યુ. તેમજ શ્રી નારણભાઇ ઓ. પંચોલી દ્વારા વર્ષ ૨૦૧૩-૧૪ અને વર્ષ ૨૦૧૪-૧૫ના હિસાબો રજુ કર્યા. સામાન્ય સભાએ બન્ને હિસાબોને સર્વાનુમતે મંજુર કર્યા.

હાલના પ્રમુખ, મંત્રી અને કારોબારીને સામાન્ય સભા દ્વારા વધુ બે વર્ષ માટે સર્વાનુમતે મંજુરી આપી. ખજાનચી શ્રી અશોકભાઇએ બીજા બે વર્ષ માટેઅનિચ્છા દર્શાવી હોવાથી તેમની જગ્યાએ શ્રી કિશોરભાઇ ચીમનલાલની નિમણૂંક કરવામાં આવી અને સહ ખજાનચી તરીકે શ્રી પિયુષકુમાર ધીરજલાલ ની વરણી કરવામાં આવી.

શ્રી પંચોલી સમાજ વડોદરાની સંલગ્ન સંસ્થા વરિષ્ઠ નાગરિક મંડળના પ્રમુખશ્રી મધુભાઇ સી. પંચોલી દ્વારા હિસાબો રજુ કરવામાં આવ્યા. તેને સામાન્ય સભાએ બહાલી આપી.

તેજસ્વીની મહિલા મંડળ દ્વારા વડોદરાના વર્તમાન પ્રમુખ શ્રીમતિ જ્યોતિબેન સુભાષભાઇ દ્વારા મહિલા મંડળની પ્રવૃત્તિની માહિતી આપી તેમજ શ્રીમતિ સુરેખાબેન ભરતભાઇ પંચોલીની વરણીની જાહેરાત કરી જેને સૌ જ્ઞાતિજનોએ તાળીઓથી વધાવી લીધી. તેજસ્વીની મહિલા મંડળના નવા પ્રમુખ શ્રીમતિ સુરેખાબેને બહેનોનો આભાર વ્યકત કર્યો અને દરેક બહેનો પોતાનામાં રહેલી પ્રતિભાને વિકસાવે એવું આહ્વાહન કર્યુ હતું. મધર્સ ડે નિમિત્તે પૂર્વ પ્રમુખ જ્યોતિબેન તેમજ નવા પ્રમુખ સુરેખાબેનને શુભેચ્છાઓ પાઠવી હતી.

મંત્રીશ્રી દેવાંગભાઇએ એમના વ્યકતવ્યમાં યુવાનોને આગળ આવવા આહ્વાહન કર્યુ. યુવાનો સમાજનો પાયો છે તેમણે આગળ આવી સમાજના વિકાસ માટે કામ કરવા જણાવ્યું હતું. તે માટે યુવા પ્રવૃત્તિ ફંડની પણ રચના કરવામાં આવી. જેના પ્રથમ દાતા શ્રી સુરેશભાઇ પરસોત્તમદાસ પંચોલી દ્વારા રૂા. ૫૦૦/નું દાન જાહેર કરવામાં આવ્યું. વડોદરા સમાજ તેમનો આભાર માને છે.

પંચોલી સેવા સમાજ ટ્રસ્ટના મંત્રીશ્રી ચન્દ્રકાંતભાઇએ સમાજભવન નિર્માણ માટે દાનની અપીલ કરી તેમજ મધર્સ ડે નિમિત્તે 'માઁ' વિશે સાહિત્યક શૈલીમાં વ્યકતવ્ય આપ્યું.

ડૉ પદ્મામાબેન રવિન્દ્રભાઇએ કહ્યું કે બાળકોને બાળક જ રહેવા દો એમને વડિલ ન બનાવો. બાળકોને મનગમતું કામ કરવા દો, ટ્રેકીંગ અને એજયુકેશનલ ટુરનું આયોજન સમાજ કરે.

અંતમાં ઉપપ્રમુખશ્રી નારણભાઇ ઓ. તરફથી આભારવિધિ કરવામાં આવી. જેનો કારોબારી સભ્યો દ્વારા ઠંડી લસ્સીથી સ્વાગત અને અંતમાં સરસ અલ્પાહારના આયોજન બદલ કારોબારી સભ્યો શ્રી અશ્વિનભાઇ એમ., હેમંતભાઇ એસ., પરેશભાઇ, હરનીશભાઇ તેમજ યોગેશભાઇનો આભાર વ્યકત કર્યો.

શ્રી નારણભાઇએ વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક લોન બેંકમાંથી કેવી રીતે મેળવી શકાય તે માટે વિસ્તૃત માહિતી આપી. વડિલ વિસામાના પ્રમુખ શ્રી રમેશભાઇ શાહ તેમજ ત્યાંના સ્ટાફનો આભાર વ્યકત કર્યો.

સામાન્ય સભાના પ્રમુખ શ્રી મધુભાઇ કે. પંચોલીએ સભાનું કામ પૂર્ણ થયાની ઘોષણા કરી. સામાન્ય સભાનું સુયોજીત સંચાલન શ્રીમતિ અર્ચનાબેન યોગેશભાઇએ કર્યુ. વિદ્યાર્થીઓએ માર્કશીટ આપી નોટબુક ચોપડા જે તે એરીયાના કારોબારી સભ્યોનો સંપર્ક કરી મેળવી લેવા. એક ચોપડાની ટોકન ફી રૂા. પાંચ છે.

આ પ્રસંગે મળેલ દાન નીચે મુજબ છે.

૭૦૦૧ શ્રી જયરાજભાઇ અંબાલાલ પંચોલી
૧૦૧ શ્રી પિયુષભાઇ ધીરજલાલ પંચોલી
૫૦૦ શ્રી ધવલ અશોકકુમાર પંચોલી
૨૫૦ ડો. પદમાબેન-સ્વ. મિનાક્ષીબેન યુ.ના સ્મરણાર્થે
૨૫૦ ડો. પદમાબેન-સ્વ. સૂરજબેન એમ.ના સ્મરણાર્થે
૫૦૦ શ્રી સુરેશભાઇ પરષોત્તમદાસ પંચોલી

### શ્રી પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ

**૧૧૧૧૧/- સ્વ. મણીબેન તથા સ્વ. મૂળજીભાઇ પંચોલીના સ્મરણાર્થે હસ્તે પ્રકાશભાઇ પંચોલી-એડવોકેટ તરફથી મળ્યા.....**

# મહિલા સમાચાર......

### પંચોલી ભગીની સમાજ-રાજપીપલા

તા. ૭.૪.૨૦૧૯ના રોજ હીનાબેનને ત્યાં મિટિંગ રાખવામાં આવી હતી. મિટિંગની શરૂઆત દત્તબાવની ગાઇને કરવામાં આવી. હિનાબેને સૌને આવકાર્યા. મંત્રીશ્રીને ગત મિટિંગના અહેવાલનું વાંચન કર્યુ. આજની મિટિંગમાં ૩૦ બહેનો હાજર રહી હતી.

આજના દિવસે બે ગેમ રમાડવામાં આવી જનરલ નોલેજની ગેમ રમ્યા બન્ને ગેમોના વિજેતા બહેનોને ઇનામો આપવામાં આવ્યા. મહિલા બચત યોજના અને બચત યોજનાના સભ્યો વધારવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી. ગત વર્ષે સભ્ય સંખ્યા ૩૨ હતી અને ચાલુ સાલે ૫૭ બહેનોની સંખ્યા થઇ. સુંદર જોકસની મઝા માણી. આજના દિવસે મળેલ દાન..

રૂા. ૧૦૦ગીતાબેન તરફથી શૌર્યની વર્ષગાંઠ નિમિત્તે.
રૂા. ૫૧ચંપાબેન તરફથી અંશ પ્રકાશભાઇની વર્ષગાંઠ નિમિત્તે.
રૂા. ૫૦ ઉષાબેન તરફથી જન્મદિવસ નિમિત્તે.

અંતમાં હિનાબેન તરફથી સુંદર ભોજનનો રસાસ્વાદ માણી અરૂણાબેન ને ત્યાં ફરી મળવાનું નકકી કરી છુટા પડયા.

તા. ૭.૦૫.૨૦૧૯ના રોજ અરૂણાબેનને ત્યાં મિટિંગ રાખવામાં આવી હતી. પ્રથમ સૌ બહેનોનું સ્વાગત કર્યુ. હનુમાન ચાલીસાના ગાન સાથે મિટિંગની શરૂઆત કરવામાં આવી. ગત મિટિંગનો અહેવાલ વાંચવામાં આવ્યો. ત્યારબાદ ગેમ રમ્યા. હાઉસી રમ્યા. વિજેતા બહેનોને ઇનામોથી નવાજયા. ગરમી હોવાથી કેરીના બાફલાનું શરબત નો સ્વાદ માણ્યો. અરૂણાબેનને ત્યાં ખોડીયારમાતાનું સ્થાનક હોવાથી ગરબાની રમઝટ બોલાવી. અંતમાં અરૂણાબેન તરફથી સ્વાદિષ્ટ ભોજન માણી છુટા પડયા.

રૂા. ૧૦૦સ્વ. સોમાભાઇ ત્રિભોવનદાસ ના સ્મરણાર્થે પરિવારજનો તરફથી.
રૂા. ૫૦ જયશ્રીબેન તરફથી મેરેજ એનીવર્સરી નિમિત્તે.
રૂા. ૫૦ પંકજદર્શન ના જન્મ દિવસ નિમિત્તે.
રૂા. ૫૦ રેખાબેન તરફથી જન્મદિન નિમિત્તે.

### પ્રગતિ મહિલા મંડળ-વ્યારા

તા. ૧.૫.૨૦૧૯ના રોજ બપોરે પંચોલી વાડી ખાતે પ્રગતિ મહિલા મંડળની મિટિંગ મળી. પ્રથમ પ્રમુખશ્રી બેલાબેને સૌ બહેનોને આવકાર્યા.. યોગીનીબેનના શ્લોકગાન સાથે મિટિંગની શુભ શરૂઆત કરવામાં આવી. હેતલબેને ગત મિટિંગનો અહેવાલનું વાંચન કર્યુ. ચાલુ માસમાં આવતી બર્થડે-એનીવર્સરીની શુભેચ્છાઓ પાઠવ્યા.ગુજરાત સ્થાપના દિન નિમિત્તે બેલાબેન તથા કુસુમબેને સુંદર અને વિવિધ માહિતીઓ આપી.

પારૂલબેને ટાયટલ સોંગ શબ્દ રાઉન્ડ અંતાક્ષરી રમાડી. જેના વિજેતા પ્રથમ : કુસુમબેન શાંતીલાલ પંચોલી, દ્વિતીય :

દક્ષાબેન મહેશભાઇ અને તૃત્ય આનંદીબેન ભરતભાઇ થયા. બેલાબેને સરપ્રાઇઝ ગેમ રમાડી જેના વિજેતા નૈનાબેન જયેશભાઇ થયા. આવતા માસની મિટિંગ વાર્ષિક મિટિંગ રાખવાનું નક્કી કરવામાં આવ્યું. અંતમાં દક્ષાબેને ગરવી ગુજરાતનું ગીત ગાયું. અને અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

### શ્રી પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર

તા. ૧૬.૦૪.૨૦૧૬ના રોજ મહિલા મંડળની મિટિંગ મીનાબેન ચંદુભાઇ મિસ્ત્રીને ત્યાં રાખવામાં આવી. સમૂહ પ્રાર્થના બાદ મંત્રી મીનાબેને ગત મિટિંગનો અહેવાલ વાંચી સંભળાવ્યો. ત્યારબાદ આ માસમાં આવતી એનીવર્સરી અને બર્થડે નિમિત્તે શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

અમિતાબેને વન મિનિટ ગેમ રમાડવામાં આવી. ૫૦ વર્ષ નીચેમાં બિનીતાબેન અને ૫૦ વર્ષથી ઉપરમાં મીરાબેન વિજેતા થયા. મહિલા મંડળ તરફથી વિજેતાઓને ઇનામો આપી નવાજયા.

૫૧ પ્રિતવંતીબેન તરફથી એનીવર્સરી નિમિત્તે

૧૦૧ મીરાબેન તરફથી પૂત્રવધુ ખુશ્બુના શ્રીમંત પ્રસંગે

આગામી મિટિંગ તા. ૬.૫.૧૬ના રોજ દક્ષાબેન મિસ્ત્રીને ત્યાં રાખવાનું નક્કી કરી અંતમાં ફ્રુટ ડોશ અને સીકંજીને ન્યાય આપી છુટા પડયા.

તા. ૬.૫.૧૬ના રોજ દક્ષાબેન મિસ્ત્રીના નિવાસ સ્થાને મિટિંગ મળી. પ્રથમ સમૂહ પ્રાર્થના બાદ સર્વે બહેનોનું કેરીનો જોલીયોના સરબતથી સૌનું સ્વાગત કર્યુ. મીનાબેને ગત મિટિંગનો અહેવાલ વાંચ્યો. અનુરાધાબેને નવયુગ પોઇન્ટસનું વાંચન કર્યુ. મધર્સ ડે તથા ગુજરાત સ્થાપના દિન નિમિત્તે દક્ષાબેને બે શબ્દો કહ્યા તથા મધર્સ ડે નિમિત્તે મીરાબેને સુંદર ગીત રજુ કર્યુ.

આ માસમાં આવતી બર્થડે અને મૅરેજ એનીવર્સરી વિશ કરી ગીફટ આપવામાં આવી. વનમિનિટ ગેમ દક્ષાબેને રમાડી તેમાં ૫૦ વર્ષથી નીચેમાં કેતકીબેન અને ૫૦ વર્ષથી ઉપરનામાં મીનાબેન ચંદુભાઇ વિજેતા થયા. વિજેતાને મંડળ તરફથી ઇનામ આપી પ્રોત્સાહિત કર્યા.

દક્ષાબેને કેરીનો જોલીયો શરબત વિશેની રેસીપી સમજાવી. અલ્પાહારને ન્યાય આપી ભરૂચ નિવાસી પ્રકાશવંતીબેનને ત્યાં ૧૯.૬.૧૬ના રોજ મિટિંગ રાખવાનું નક્કી કરી છુટા પડયા.

## Happy Birthday



Praneel Dhaval Pancholi

Birthdate : 18-6-2010

Yoy are very special and that's why you need to float with lots of smiles on your lovely face

Happy Birthday

From

Mahendrabhai K. Pancholi

Jyotsanaben M. Pancholi

Dhaval M. Pancholi

Hetal D. Pancholi

Main Bazar Vyara

# સેકંડ ઈનીંગ

મેં મહિનાના નવયુગના અંકમાં મેં લખેલ લેખના અનુસંધાનમાં ફોન દ્વારા કે રૂબરૂ મુલાકાતમાં ૪ થી ૫ વ્યકિતએ જણાવ્યું કે ખરેખર આપે લખેલ લેખ અંગે સમાજે કંઇક કરવું જોઇએ.. ઘણા વડિલ સીનીયર કાર્યકરો કે હોદ્દેદારોનો કંઇ પણ અભિપ્રાય જાણવા મળ્યો નથી આશા રાખું કે લેખ ન વાંચ્યો હોય તો ફરીથી વાંચીને તમારા અભિપ્રાયો જણાવશો..

શુભસ્ય શીઘ્રમ...એક સીનીયર ભાઇએ પહેલ કરીને તેનો બાયોડેટા અને વિગત મને મોકલી છે... એજ રીતે કોઇ ભાઇ કે બહેનની યોગ્ય પાત્ર પસંદ કરવાની ઇચ્છા હોય તો તેઓ મને તેમની વિગત, ઉંમર, આવક - પેન્સનની માહિતી, પુત્ર-પુત્રીની માહિતી.. અને ફોટો પુરા એડ્રેસ અને ફોન નંબર સાથે મોકલશો... તો યોગ્ય મદદ કરવાના પ્રયત્નો રહેશે.. નવા વિચારો સ્વીકારતા થોડો સમય તો લાગશે પણ ખોટું તો નથી જ. આપની પ્રતિક્રિયાની રાહ જોઇશ..

ડૉ. મહેશ એમ. મિસ્ત્રી - ૯૮૨૫૫૨ ૮૨૭૮૯

૭-૮, મેઘના આર્કેડ, ચૌટાબજાર પોલીસ ચોકી સામે,

અંકલેશ્વર ૩૯૩ ૦૦૧

# પરિણયની પગદંડીએ...



વડોદરા નિવાસી શ્રીમતિ શકુંતલાબેન તથા શ્રી વિપીનચંદ્ર બાબુભાઇ પંચોલીના સુપુત્ર ચિ. સચીનના શુભલગ્ન ઉંડેરા નિવાસી શ્રીમતિ આશાબેન તથા વિશ્વનાથ ફકીરભાઇ પાટીલની સુપુત્રી ચિ. ઉજ્જવલા સાથે તા. ૨૭.૧૧.૨૦૧૫ના રોજ થયા...



વ્યારા નિવાસી શ્રીમતિ જ્યોતિબેન તથા શ્રી પરેશભાઇ પરમાનંદભાઇ પંચોલી ના સુપુત્ર ભાવિકના શુભલગ્ન સુરત નિવાસી શ્રીમતિ પૂનમબેન તથા શ્રી શાંતિલાલ પનાલાલ પંચોલીની સુપુત્રી ચિ. નિલમ સાથે તા. ૧૩.૦૨.૨૦૧૬ના રોજ થયા...








## દેવના દીધેલ



અંકલેશ્વર નિવાસી શ્રી મૌલિકકુમાર મહેશભાઇ મિસ્ત્રીને ત્યાં પુત્રીરત્ન 'ચિ.રિવાંશી' નો જન્મ તા. ૨૧.૦૫. ૨૦૧૬ના રોજ થયો.
માતા : નીપાબેન



ગણદેવી નિવાસી શ્રી જીગરકુમાર જીતેન્દ્રભાઇ મિસ્ત્રીને ત્યાં પુત્રીરત્ન 'ચિ.કશ્વી' નો જન્મ તા. ૯.૦૫. ૨૦૧૬ના રોજ થયો.
માતા : ભૂમિકાબેન



સુરત-રાંદેર નિવાસી શ્રી હિમાંશુકુમાર યોગેશભાઇ મહેતાને ત્યાં પુત્રીરત્ન 'ચિ.રુહી' નો જન્મ તા. ૨૩.૦૪. ૨૦૧૬ના રોજ થયો.
માતા : વૈશાલીબેન

## હેપી બર્થડે.....



નક્ષ મિતેશકુમાર પંચોલી-રાજપીપલા
તા. ૨.૦૬.૨૦૧૫



હેની ચિરાગકુમાર પંચોલી-રાજપીપલા
તા.



આરવ ભાવેશકુમાર પંચોલી-રાજપીપલા
તા. ૨૮.૦૪.૨૦૧૪

## એક વાર જાવું હરીના ધામમાં



અંકલેશ્વર(મુંબઇ) ચક્ષુદાતા ગં.સ્વ. શાંતાબેન નાથાલાલ મિસ્ત્રી તા. ૧૮.૦૫.૨૦૧૬ના રોજ હરીના ધામમાં ગયા.



મુંબઇ નિવાસી હરીશભાઇ જેકીશનદાસ મિસ્ત્રી તા. ૧૯.૦૫. ૨૦૧૬ના રોજ હરીના ધામમાં ગયા.
ઉ.વ. : ૬૦



જબુગામ નિવાસી અનસોયાબેન વિઠ્ઠલદાસ પંચોલી તા. ૮.૦૫.૨૦૧૬ ના રોજ હરીના ધામમાં ગયા.
ઉ.વ. : ૭૮



રાજપીપલા નિવાસી દલસુખભાઇ શીવલાલભાઇ પંચોલી તા. ૨૦૧૬ના રોજ હરીના ધામમાં ગયા.
ઉ.વ. : ૯૧



ગઢબોરીયાદ નિવાસી શ્રી હસમુખભાઇ છીતાલાલ પંચોલી(ઉપપ્રમુખ -પંચોલી સમાજ, પાલ વિભાગ,પ્રમુખ - ગઢબોરીયાદ એકમ) તા. ૮.૦૫.૨૦૧૬ના રોજ હરીના ધામમાં ગયા.

## ટીપે ટીપે સરોવર ભરાય......

રૂા. ૧૦૧/- અંકલેશ્વર નિવાસી શ્રી રમણભાઇ હરકિશનદાસ પંચોલી તરફથી પૌત્ર ચિંતનકુમારના નૂતન ગુહ પ્રવેશ નિમિત્તે..

રૂા. ૨૦૧/- છોટાઉદેપુર નિવાસી પંચોલી વિશાલભાઇ ભૂપેન્દ્રભાઇ પંચોલી તરફથી પિતાશ્રી ભૂપેન્દ્રભાઇ મોહનલાલ પંચોલીના સ્મરણાર્થે....

રૂા. ૧૦૦/- જબુગામ નિવાસી શૈલેષકુમાર વિઠ્ઠલદાસ પંચોલી તરફથી માતુશ્રી અનસોયાબેનના સ્મરણાર્થે

રૂા. ૧૫૦/- સુરત રાંદેર નિવાસી અનુરાધાબેન યોગેશભાઇ મહેતા તરફથી પૌત્રી રુહીના જન્મ નિમિત્તે...

રૂા. ૧૦૦/- વડોદરા નિવાસી વિપીનભાઇ બી પંચોલી તરફથી પૌત્ર આરવની બર્થડે નિમિત્તે...

રૂા. ૫૦૧/- અંકલેશ્વર નિવાસી શ્રીમતિ મીરાબેન તથા ડો. મહેશભાઇ મોહનલાલ મિસ્ત્રી તરફથી પંત્ર મૌલિકને ત્યાં પુત્રીરત્ન ચિ. રિવાંશીના જન્મ નિમિત્તે...

રૂા. ૧૧૧/- વ્યારા નિવાસી શ્રીમતિ જયોતિબેન તથા શ્રી પરેશભાઇ પરમાનંદભાઇ પંચોલી ના સુપુત્ર ભાવિકના શુભલગ્ન પ્રસંગે




નવયુગ શુભચિંતક શ્રી મહેશકુમાર ધીરજલાલ પંચોલી વ્યારા શ્રી શાંતિલાલ છગનલાલ પંચોલી વ્યારા

Book-Post

*Printed Book*

**From : Akshar Printers,**
2/3, Ajit Estate, B/h. Old Dena Bank,
Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-2.

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, 98240 64282. Email : pancholi_navyug@yahoo.com**